


# SMT. C. R. GARDI ARTS COLLEGE, MUNPUR

## ANNUAL REPORT 2019-20

# SMT. C. R. GARDI ARTS COLLEGE, MUNPUR

(Administrated by M. G. S. Kelavani Mandal, Munpur)
At & Po Munpur, Ta : Kadana, Dist. - Mahisagar - 389240

## Established In : 1991

## NAAC "B" GRADE




Principal :
Dr. Mahesh K. Mehta




President
Dr. Prabodhkan D. Pandya

# ANNUAL REPORT 2019-20

# TEACHING FACULTY

| Sr. No. | Name of Faculty | Designation & Department | Photo |
|---|---|---|---|
| 1 | Dr. Mahesh K. Mehta | Principal |  |
| 2 | Dr. Navinchandra N. Patel | Associate Professor, Physical Instructor |  |
| 3 | Dr. Mehejbeen A. Saiyad | Associate Professor, Department of Sociology |  |
| 4 | Dr. Sushila S. Vyas | Associate Professor, Department of Hindi |  |
| 5 | Dr. Harshada J. Shah | Associate Professor, Department of Gujarati |  |
| 6 | Dr. Ganpatsinh P. Thakor | Associate Professor, Department of Sociology |  |
| 7 | Mr. Jaysinh L. Khant | Associate Professor, Department of Gujarati |  |

| | | | |
|---|---|---|---|
| 8 | Mrs. Nitaben J. Joshi | Associate Professor,<br>Department of Hindi |  |
| 9 | Dr. Prakash V. Vekaria | Associate Professor,<br>Department of English |  |
| 10 | Dr. Rajendrakumar R. Bambhaniya | Assistant Professor,<br>Department of Gujarati |  |
| 11 | Dr. Pareshkumar G. Parekh | Assistant Professor,<br>Department of Sanskrit |  |
| 12 | Mrs. Laxmiben T. Vasava | Assistant Professor,<br>Department of Sociology |  |

# NON-TEACHING FACULTY

| Sr. No. | Name of Faculty | Designation | Photo |
|---|---|---|---|
| 1 | Mr. Bhanuprasd D. Patel | Senior Clerk |  |
| 2 | Mr. Harshadbhai J. Darji | Junior Clerk |  |

| | | | |
|---|---|---|---|
| 3 | Mr. Mayankbhai V. Joshi | Peon |  |
| 4 | Mr. Ratnabhai M. Damor | Peon |  |
| 5 | Mr. Ramanbhai H. Patel | Peon |  |
| 6 | Mr. Parmabhai H. Vagadiya | Watchman |  |
| 7 | Mr. Shankarbhai K. Harijan | Sweeper |  |

# કૉલેજમાં થયેલ પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ

# વર્ષ : ૨૦૧૯-૨૦

- **21/06/2019 :**

રોજ 'વિશ્વ યોગ દિવસ' નિમિત્તે શ્રીમતી સી.આર.ગાર્ડી આર્ટસ કૉલેજ, યુ, એચ,ભટ્ટ મેમોરિયલ હાઇસ્કૂલ તેમજ નીલકંઠ વિદ્યાવિહાર, મુનપુરનાં સંયુક્ત ઉપક્રમે વિશ્વયોગ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં કોલેજના અદ્યાપકો , શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે એમ.જી,એસ કેળવણી મંડળના સભ્ય પણ હાજર રહ્યા હતા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા, કોલેજના પ્રો , ડૉ, એન .એન , પટેલે  યોગ અને પ્રાણાયામથી થતા ફાયદા વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા , તેમજ આજ રોજ દિવડા કોલોની ખાતે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વી. ટી.સી. સ્કીલ ટ્રેનીંગ કાર્યક્રમ હેઠળ આદિજાતિ યુવક યુવતીઓને તાલીમ અંગેનો સેમિનાર યોજાયો. જેના અધ્યક્ષ સ્થાને સચિવશ્રી હાજર રહ્યા હતા. આ સેમિનારમાં ૫૬ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા, આ ઉપરાંત કોલેજના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપિકા ડૉ, મહેજબિન સૈયદ તેમજ ગુજરાતી વિષયના અધ્યાપક શ્રી જે.એલ.ખાંટ અને સંસ્કૃત વિભાગના પ્રો,ડૉ, પરેશભાઈ પારેખે પણ સક્રિય હાજરી આપી હતી.









- **25/06/2019 :**

નાં રોજ જિલ્લા રોજગાર કચેરી મહીસાગર દ્વારા અત્રેની સંસ્થામાં ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું. આ ભરતી મેળામાં C.S.C. મહીસાગર, ક્રિષ્ના એન્ટરપ્રાઈઝ સાણંદ, વિવો હેલ્થકેર , વડોદરા , L.I.C . લુણાવાડા -સંતરામપુર અને Cogent –E –Services ,વડોદરા જેવી સંસ્થાઓના પ્રતિનિધિઓએ હાજર રહીને ઈન્ટરવ્યું લીધો હતો. આ ભરતી મેળામાં કુલ ૬૦ જેટલા રોજગારવાંછું ભાઈ – બહેનોએ હાજર રહીને ઈન્ટરવ્યું આપ્યા હતા.

- **26/06/2019 :**

આજરોજ શ્રીમતી સી. આર,ગાર્ડી આર્ટસ કૉલેજ, મુનપુર ખાતે એકેડેમિક વર્ષ 2019-20

અંતર્ગત પ્રથમ વર્ષ બી.એ. સેમ – ૧ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને આવકારવા માટે પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં એમ.જી,એસ કેળવણી મંડળના પ્રમુખશ્રી તેમજ ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ ગૃહ અને શિક્ષણમંત્રીશ્રી પ્રબોધકાન્ત પંડ્યાસાહેબે વિદ્યાર્થીઓ અને સ્ટાફગણને શુભેચ્છાઓ અને આશિર્વાદ આપ્યાં હતાં. આ પ્રસંગે સૌ નવા અને જૂના વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી અને ગોળ-ધાણાનો પ્રસાદ આપી આવકારવામાં આવ્યાં. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડૉ. એમ. કે. મેહતા અને કોલેજના અધ્યાપકશ્રીઓએ પણ વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.







❖ **13/07/2019 :**

આજરોજ શ્રીમતી સી. આર. ગાર્ડી આર્ટ્સ કૉલેજ, મુનપુર ખાતે એકેડેમિક વર્ષ 2019-20 અંતર્ગત સપ્તધારામાંની રંગકલા-કૌશલ્યધારા અંતર્ગત મહેંદી હરીફાઈ અને કેશગૂંફન હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું. મહેંદી હરીફાઈમાં કુલ ૧૭ વિદ્યાર્થીનીઓ અને કેશગૂંફન હરીફાઈમાં કુલ ૬ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેમજ કૉલેજની વિદ્યાર્થીનીઓએ ભાત-ભાતની મહેંદી ડીઝાઈન અને કેશગુંફન દ્વારા તેમનામાં છુપાઈ રહેલ સર્જનાત્મકતાને તથા કલાપ્રેમને વાચા આપી હતી. આ સમગ્ર સ્પર્ધાનું સુચારુ આયોજન રંગકલા કૌશલ્યધારાના કન્વીનર શ્રીમતી ડૉ. મહેજબીન સૈયદ અને ડૉ. હર્ષદાબેન શાહ તેમજ પ્રો. નીતાબેન જોષીએ કર્યું હતું. કેશગુંફન સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. હર્ષદાબેન શાહ અને ડૉ.પરેશભાઈ પારેખ તેમજ મહેંદી હરિફાઈમાં ડૉ.શુશીલાબેન વ્યાસ અને પ્રો. લક્ષ્મીબેન વસાવાએ ભૂમિકા અદા કરી હતી.

મહેંદી સ્પર્ધાનાં વિજેતા વિદ્યાર્થીઓનાં નામ ;

**Sem – 1**

પ્રથમ – પ્રજાપતિ છાયાબેન જયંતીલાલ

દ્વિતીય – માલીવાડ સુનિતાબેન રમણભાઈ

દ્વિતીય – માછી મનીષાબેન કાંતિભાઈ

**Sem - 3**

પ્રથમ - ડામોર ઉર્મિલાબેન ભરતભાઈ

દ્વિતીય – ખાંટ શુશીલાબેન જયસિંહ

દ્વિતીય – સેવક કૃપાલીબેન સુરેશચન્દ્ર

**Sem – 5**

પ્રથમ – હરિજન લક્ષ્મીબેન જેસીંગભાઈ

દ્વિતીય – પટેલ પ્રિયંકાબેન રમેશભાઈ

દ્વિતીય – વાળંદ નિરાલીબેન અશોકભાઈ

કેશગુંફન સ્પર્ધાના વિજેતા ;

પ્રથમ – ચૌહાણ માલતીબેન સુરેશચંદ્ર
દ્વિતીય – વાગડિયા રેખાબેન લક્ષ્મણ ભાઈ
તૃતીય – પ્રજાપતિ છાયાબેન જયંતિલાલ







❖ **16/07/2019 :**

આજરોજ મુનપુર આર્ટ્સ કૉલેજ ખાતે મહીસાગર જિલ્લા રોજગાર કચેરી , લુણાવાડા અંતર્ગત કેરિયર કાઉન્સિલર અને પ્લેસમેન્ટ ઓફિસર - પ્રિયંકાબેન ભટ્ટ અને CSC નાં હેડ ફૈસલભાઈએ વિદ્યાર્થીઓને કેરિયર ગાઈડન્સ અને લશ્કરી ભરતી મેળા સંદર્ભે વિગતવાર માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને માહિતગાર અને પ્રોત્સાહિત કર્યા. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. એમ. કે. મેહતાસાહેબે પણ આ સંદર્ભે યોગ્ય ઉદાહરણો દ્વારા સુંદર અને સુચારુ માહીતી આપી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ સેમિનારમાં કુલ ૧૦૨ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન પ્રો. ડૉ. મહેજબિન બેન સૈયદે કર્યું હતું. આ સાથે આજના શુભદિન ગુરુપૂર્ણિમા નિમિત્તે ડૉ. સુશીલા વ્યાસ મેડમે પ્રસંગોચિત વાતો કરી વિદ્યાર્થીને માહિતગાર કર્યા હતાં







❖ **26/07/2019 :**

આજરોજ અત્રેની કૉલેજમાં "સાહિત્યકાર ચિનુ મોદી" વિષય પર ફતેપુરા કૉલેજના પ્રાધ્યાપક શ્રી પીયૂષ પરમારનું વક્તવ્ય યોજાયું. શ્રી પીયૂષભાઈએ ચિનુ મોદીનાં જીવન અને કવિકર્મ અંગે રસપ્રદ વ્યાખ્યાન આપ્યું. એ સાથે એમણે ગઝલનું સાહિત્ય સ્વરુપ, આધુનિક યુગનાં લક્ષણો અને કવિતા પર તેનો પ્રભાવ વગેરે મુદ્દાઓ પર પણ ચર્ચા કરી. અંતે તેમણે સ્વરચિત કવિતાઓનું પઠન કરી વિદ્યાર્થીઓને આનંદિત કરી દીધાં હતાં.

પ્રિન્સિપાલ ડૉ. એમ. કે. મહેતાએ પ્રો. પીયૂષ પરમારને શાબ્દિક અને પુસ્તક ભેટ આપી આવકાર આપ્યો હતો. તેમજ પ્રસંગને અનુરૂપ ભૂમિકા રચી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન

શ્રીમતી ડૉ. એસ. એસ. વ્યાસે કર્યું હતું. કાર્યક્રમના અંતે ડૉ. રાજેન્દ્રકુમાર બાંભણિયાએ સૌ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી. આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.







❖ **30/07/2019 :**

આજ રોજ અત્રેની કૉલેજનાં CWDC - Collegiate Women Development Cell દ્વારા કૉલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ સાથે એક મિટીંગ યોજાઈ. જેમાં CWDC નાં કન્વીનર પ્રો. ડૉ. સુશીલા વ્યાસે અને CWDC નાં સભ્યશ્રી પ્રો. ડૉ. એમ. એ. સૈયદે વિદ્યાર્થીનીઓને CWDC ની ભૂમિકા અને કામગીરી વિશે વિગતે વાત કરી. આ સાથે આવનાર સમયમાં મુનપુર આર્ટ્સ કૉલેજ મહિલા સશક્તિકરણ સપ્તાહની ઉજવણી કરવા જઈ રહી છે. તો તેની સફળતા માટે વિદ્યાર્થીનીઓ સાથેની આ મિટીંગ દ્વારા એક વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું





❖ **31/07/2019 :**

આજ રોજ અત્રેની સંસ્થાનાં હિન્દી વિભાગ દ્વારા હિન્દી ભાષા-સાહિત્યના ખ્યાતનામ સર્જક મુન્શી પ્રેમચંદની જન્મજયંતી ઉજવવામાં આવી. મુન્શી પ્રેમચંદનાં જીવન અને સર્જન વિશે હિન્દી વિભાગના અધ્યક્ષા ડૉ. સુશીલા વ્યાસે વાત કરી સમગ્ર કાર્યક્રમની ભૂમિકા રચી આપી હતી. ત્યાર બાદ મુન્શી પ્રેમચંદની બે વાર્તાઓ "कफन" અને "बड़े भाई साहब" નું ફિલ્મ રૂપાંતર દર્શાવવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ બન્ને ફિલ્મ જોઈ ખૂબ રાજીપો વ્યક્ત કર્યો હતો. સાથે બન્ને ફિલ્મ જોયા પછી કેટલાંક વિદ્યાર્થીઓને પ્રશ્નો થયાં, તેનાં નિરાકરણ માટે વિદ્યાર્થીઓ અને અધ્યાપકો વચ્ચે સરસ પ્રશ્નોત્તરી પણ યોજાઈ. આખો કાર્યક્રમ ખૂબજ આનંદદાયી રહ્યો હતો.







❖ **01/08/2019 :**

આજ રોજ મુનપુર આર્ટ્સ કૉલેજના NSS UNIT, કૉલેજમાં ચાલતી ECO CLUB અને સપ્તધારા અંતર્ગત સામુદાયિક સેવાધારાનાં સંયુક્ત નેજા હેઠળ મહીસાગર જિલ્લાના જાણીતા પર્યટન સ્થળ નદીનાથ મહાદેવ, ઘોડિયાર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. NSS UNIT નાં ઇન્ચાર્જ શ્રી Jaysinh Khant, ECO CLUB નાં Coordinator શ્રી Paresh G. Parekh ઉપરાંત કોલેજના અન્ય અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લઈ આ કાર્યક્રમને સફળ બનાવ્યો. કોલેજનો વહીવટી સ્ટાફ પણ આ કાર્યક્રમમાં સહભાગી અને મદદરૂપ થયો હતો. વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત નીલગીરી, જાંબુ, આંબો વગેરે જેવા વૃક્ષો અને વિવિધ પ્રકારના ફૂલોનું રોપણ કરવામાં આવ્યું.ધીમી ધારનાં વરસાદથી ભીંજાતાં ભીંજાતાં કૉલેજ પરિવારે અનાદિકાળથી માનવહૈયાને ભીંજવતી આવેલી પ્રકૃતિને વૃક્ષરૂપી ભેટથી ભીંજવી






❖ **06/08/2019 :**

આજ રોજ અત્રેની કૉલેજમાં "સ્ત્રી સશક્તિકરણ સપ્તાહ" અંતર્ગત મુનપુર ખાતે એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું. કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. એમ .કે મહેતા સાહેબે આ રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું . આ રેલીમાં અધ્યાપકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સહભાગી થયાં હતા. આ રેલીમાં વિદ્યાર્થીઓ દ્વારા

"સ્ત્રી ભ્રુણહત્યા બંધ કરો"
"દિકરો દિકરી એક સમાન"
"Save Girl Child"

"કોણ કહે છે સાપનો ભારો ?
દિકરી એ તો તુલસીક્યારો"
''બેટી બચાવો બેટી પઢાવો''

જેવા લોકજાગૃતિ વિષયક સૂત્રો ઉચ્ચારવામાં આવ્યાં.



❖ **07/08/2019 :**

આજ રોજ અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજ ખાતે CWDC અંતર્ગત "સ્ત્રી સશક્તિકરણ સપ્તાહ" અન્વયે "Gender Equality" વિષય પર સંતરામપુર કોલેજના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપક અને જાણીતા સંશોધક- સમાજશાસ્ત્રી શ્રીમતી ડૉ. કામિની દશોરાનું વ્યાખ્યાન યોજાયું. ડૉ. કામિનીબેને સુંદર ઉદાહરણ પૂરા પાડી વિદ્યાર્થીઓને સમજાય એવી રીતે રસપ્રદ વ્યાખ્યાન આપ્યું. આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી ડૉ. એમ. કે. મેહતાસાહેબે ખૂબ જ સરસ પ્રસંગને અનુરૂપ ભૂમિકા બાંધી આપી હતી, આ કાર્યક્રમમાં કોલેજના ૨૫૦ ઉપરાંત વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સુચારુ સંચાલન કોલેજના હિન્દી વિભાગના અધ્યાપક ડૉ. સુશીલા વ્યાસે કર્યું હતું . તેઓએ સ્ત્રીઓની દશા-અવદશાને લઈને એક અર્થસભર અને પ્રસંગને અનુરૂપ સુંદર મજાનું ગીત પણ ગાયું અને વિદ્યાર્થીઓએ ઝીલ્યુ.






❖ **08/08/2019 :**

આજ રોજ અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજ ખાતે "વિશ્વ આદિવાસી દિવસ" (09 ઓગસ્ટ) નિમિત્તે કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આદિવાસી લોકનૃત્ય અને ટીમલીનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે ભૂતપૂર્વ ગૃહ અને શિક્ષણમંત્રી શ્રી, ગુજરાત રાજ્ય તેમજ આ સંસ્થા માનનીય પ્રમુખશ્રી પ્રબોધકાન્ત પંડ્યા સાહેબ ઉપસ્થિત રહ્યાં. તેમણે આદિવાસી જનજીવન સાથેના પોતાના કેટલાંક અનુભવો વ્યક્ત કર્યા તેમજ સૌને આશીર્વચન પાઠવ્યા.

આ પ્રસંગે સંતરામપુર મતવિસ્તારના લોકલાડીલા ધારાસભ્યશ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર પણ પધાર્યા હતાં. તેમણે સૌને આદિવાસી સમાજ માટે તનમનથી કાર્ય કરવાની પ્રતિબદ્ધતા સાથે'' વિશ્વ

આદિવાસી દિવસ" ની હાર્દિક શુભકામનાઓ પાઠવી, વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા તેમજ પોતે પણ આદિવાસી સમાજમાંથી આવતાં હોવાથી પોતાની સંસ્કૃતિનું ગૌરવ સમજી તેઓ વિદ્યાર્થીઓ સાથે આદિવાસી લોકનૃત્યમાં જોડાયા. વિદ્યાર્થીઓ સાથે હોંશભેર "ટીમલી" રમ્યા. કોલેજના આચાર્યશ્રી ડૉ. એમ. કે. મેહતાસાહેબે પણ વિદ્યાર્થીઓને આદિવાસી દિવસ નિમિતે હાર્દિક **શુભેચ્છાઓ** પાઠવી. સાથે કોલેજના વિદ્યાર્થીઓ તેમજ કોલેજ સ્ટાફ પરિવાર આદિવાસી લોકનૃત્યમાં ઝૂમી ઊઠ્યો હતો.

ઝરમર ઝરમર વરસાદનો માદક માહોલ એમાં વળી મીઠું મીઠું ઝુલવાનું ! કોને ન ગમે?









- **09/08/2019 :**

આજ રોજ અત્રેની કૉલેજના 114 વિદ્યાર્થીઓ સાથે અધ્યાપકો "વિશ્વ આદિવાસી દિન" નિમિત્તે ગુજરાત અને રાજસ્થાન બોર્ડર પર આવેલ આદિવાસી સ્મૃતિ સ્થળ માનગઢ ખાતે યોજાયેલ ભવ્ય કાર્યક્રમમાં સહભાગી થયાં એમાય ઝરમર ઝરમર વરસાદનો માદક માહોલ એમાં વળી મીઠું મીઠું ઝુલવાનું ! કોને ન ગમે?

આ સ્થળે ચાલુ વરસાદમાં વિદયાર્થીઓએ આદિવાસી સંસ્કૃતિના મેળાની મજા માણી હતી.



- **14/08/2019 :**

આજ રોજ મુનપુર આર્ટ્સ કૉલેજ ખાતે સર્જનાત્મક ધારા અને રંગ કલા - કૌશલ્ય ધારા અંતર્ગત રક્ષાબંધન પર્વ નિમિત્તે કૉલેજની વિદ્યાર્થિનીઓ માટે રાખડી બનાવવાનાં (RAKHI MAKING) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.આ સ્પર્ધામાં કોલેજની કુલ ૧૬ વિદ્યાર્થિનીઓએ ભાગ લઈને અવનવી ડીઝાઇનમાં રાખડીઓ બનાવી હતી. જેના નિર્ણાયક તરીકે કોલેજના પ્રિ.ડૉ. એમ .કે. મહેતાએ ભૂમિકા નિભાવી હતી.

જેના વિજેતા થયેલ વિદ્યાર્થીઓ;

૧ પ્રથમ વિજેતા – ડામોર દક્ષાબેન લક્ષ્મણભાઈ સેમ – 3

૨ દ્વિતીય વિજેતા - ડામોર ઉર્મિલાબેન ભરતભાઈ સેમ -3

3 તૃતીય વિજેતા – ખાંટ રીન્કુબેન ચંદુભાઈ સેમ -3

આ સમગ્ર સ્પર્ધાનું આયોજન કલા – કૌશલ્ય ધારા અને સર્જનાત્મક ધારાના કન્વીનર શ્રીમતી ડૉ. મહેજબીન સૈયદ પ્રા. શ્રીમતી નીતા જે. જોષી તેમજ પ્રા.શ્રીમતી ડૉ. હર્ષદા જે.શાહે કર્યું હતું.





❖ **29/08/2019 :**

29 ઓગસ્ટને મેજર ધ્યાનચંદની યાદમાં ભારતનો "રાષ્ટ્રીય ખેલકૂદ દિવસ" જાહેર કરેલ છે. તેનાં અનુસંધાનમાં આજ રોજ ભારતના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા "ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ" નું લોન્ચિંગ કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ કોલેજના ૨૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓએ નિહાળ્યું. તેમજ કર્મચારીગણે આ સમગ્ર કાર્યક્રમ આનંદપૂર્વક નિહાળ્યો.

આ સાથે કાર્યક્રમમાં ઉપસ્થિત તમામે દરરોજ 10,000 પગલાં અચૂકપણે ચાલવાની પ્રતિજ્ઞા લીધી.આ સાથે વિદ્યાર્થીઓ અને સ્ટાફ પરિવારે "खेलेंगे और खेलना सिखाएंगे।" તથા "स्वस्थ भारत, एक भारत, नया भारत" ની શપથ લેવડાવી.સમગ્ર કાર્યક્રમની જવાબદારી શુશીલા બેન વ્યાસ , નવીન ભાઈ પટેલ તેમજ રાજેન્દ્રભાઈ બાંભણિઆએ નિભાવી હતી .





❖ **05/09/2019 :**

આજ રોજ અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજનાં એન.એસ.એસ. યુનિટ અને સામુદાયિક સેવાધારા દ્વારા કેમ્પસ સફાઈનું આયોજન કરવામાં આવ્યું. કૉલેજમાં અભ્યાસ કરતા તમામ સેમેસ્ટરનાં વિદ્યાર્થીઓ આ સફાઈ અભિયાનમાં હર્ષભેર જોડાયા. પોતાના ઘર અને આંગણાને સાફ રાખતા વિદ્યાર્થીઓએ પોતાની કોલેજને સાફ રાખવામાં ઉત્સાહ દાખવી સામુદાયિક સેવા અને સમૂહભાવનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું. કોલેજના આચાર્યશ્રી ડૉ. એમ. કે. મેહતા ECO CLUBના કૉ.ઓ.શ્રી ડૉ. પરેશ જી.પારેખ અને એન. એસ. એસ. યુનિટના

કન્વીનરશ્રી જે. એલ. ખાંટના માર્ગદર્શન અને કોલેજના અન્ય અધ્યાપકશ્રીઓના સહકારથી સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો.







❖ **07/09/2019 :**

આજ રોજ અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજમાં ચાલતી ECO CLUB, NSS અને સપ્તધારા અંતર્ગત "પ્લાસ્ટિકમુક્તિ અને પર્યાવરણ જાળવણી" તથા "મોબાઈલ નેટવર્કિંગનો બેન્કિંગ ક્ષેત્રે ઉપયોગ - બેંક ઓફ બરોડા, મુનપુર" વિષય પર વ્યાખ્યાન યોજાયું. કાર્યક્રમના આરંભે કૉલેજના આચાર્યશ્રી ડૉ. એમ. કે. મહેતાસાહેબે બંને વક્તાઓના વિશિષ્ટ પરિચય સાથે વ્યાખ્યાનને અનુરૂપ સુંદર ભૂમિકા રચી આપી. ત્યારબાદ બેન્ક ઓફ બરોડામાંથી પધારેલ કર્મચારીમિત્રે મોબાઈલ બેન્કિંગ : તેનો ઉપયોગ અને ફાયદા તથા પર્યાવરણ ક્ષેત્રે તેનું મહત્વ વિષય પર સરસ વ્યાખ્યાન આપ્યું.

આ વ્યાખ્યાન બાદ લુણાવાડા કૉલેજની સાયન્સ ફેકલ્ટીના બોટની વિભાગના અધ્યાપકશ્રી ડૉ. આશોકભાઈ બાબરીયાએ પ્લાસ્ટિક, તેની બનાવટ, તેનાં ગુણધર્મો, તેના ઉપયોગ અને વધુ પડતા ઉપયોગથી થતા પર્યાવરણલક્ષી તેમજ શારીરિક નુકસાન વિશે ખૂબ જ સરસ, માહિતીપૂર્ણ અને વિદ્યાર્થીભોગ્ય વ્યાખ્યાન આપ્યું.

અત્યારે સમગ્ર વિશ્વ બગડેલા પર્યાવરણ પ્રત્યે ચિંતિત છે. તદનુસંધાને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલયે ભારતીય પ્રજાને "પ્લાસ્ટિકમુક્ત ભારત"નું ધ્યેય આપ્યું. વડાપ્રધાનશ્રી અને માનવ સંશાધન વિકાસ મંત્રાલયના આ ધ્યેયને અનુમોદન આપવા અને વિદ્યાર્થીઓમાં આ બાબતે જાગૃતિ લાવવા અત્રેની કૉલેજે આ વ્યાખ્યાન યોજયું સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન ECO CLUB ના કૉઓર્ડીનેટર શ્રી પરેશ પારેખે કર્યું હતું.



❖ **12/09/19 થી 14/09/2019 :**

આજ રોજ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા ખાતે યોજાયેલ દ્વિતીય યુવક મહોત્સવ "સ્પંદન - ૨ - 2019"માં કોલેજના વિદ્યાર્થીઓ રંગોળી (ખાંટ રેખાબેન ડી.), ઓન ધ સ્પોટ પેઇન્ટિંગ (ખાંટ રેખાબેન એચ.), કોલાજ (માલીવાડ કલ્પેશ), પોસ્ટર મેકિંગ (પરમાર સુનીલ), ક્વીઝ (ડામોર હિરેન વાગડિયા રેખા એલ., ખાંટ રાકેશ), કાર્ટુનીંગ (ખાંટ સુશીલા), સ્કીટ (સેવક કૃપાલી, પટેલ મેઘના, વાલુ નયના, પરમાર સુનીલ, ડામોર વિપુલ, ડામોર મેહુલ), વકતૃત્વ (તાવિયાડ કાળી), કાવ્યપઠન (સેવક કૃપાલી) વગેરે જેવી સ્પર્ધાઓમાં સહભાગી થયા. છોકરાઓએ એમની શક્તિ. મતિ પ્રમાણે ખૂબ જ સારું પ્રદર્શન કર્યું.

યુનિવર્સિટીના મુખપત્રનું વિમોચન કરતી વેળા આ કોલેજના આચાર્યશ્રી અને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા દ્વારા આયોજિત દ્વિતીય યુવક મહોત્સવ "સ્પંદન - 2019"ની કોર કમિટીના સભ્ય એવા ડૉ. એમ. કે. મેહતાસાહેબે ગુજરાતના માનનીય શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાસાહેબ, સાંસદશ્રી જશવંતસિંહ ભાભોર, યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રતાપસિંહ ચૌહાણ અને અન્ય મહાનુભાવો સાથે મુખપત્રનું વિમોચન કર્યું.

ટીમ મેનેજર અને યુવક મહોત્સવમાં સહભાગી થનાર વિદ્યાર્થીઓના માર્ગદર્શક એવા પ્રો. ડૉ. સુશીલા વ્યાસે વિદ્યાર્થીઓને તૈયાર કરવા અને તેમને પ્રોત્સાહિત કરવાની ભૂમિકા નિભાવી હતી.




❖ **14/09/2019 :**

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા દ્વારા આયોજિત યુવક મહોત્સવ "સ્પંદન - 2019" ના તૃતીય દિવસે અત્રેની કોલેજના વિદ્યાર્થીઓએ માઈમની ખૂબ જ સુંદર રજુઆત કરી. માઈમમાં સહભાગી થનાર વિદ્યાર્થીઓ : વાલુ નયના, ડામોર મેહુલ, ચમાર મેહુલ, પરમાર શૈલેષ, પરમાર સુનિલ અને ડામોર નવીન




❖ **14/09/2019 :**

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા દ્વારા આયોજિત યુવક મહોત્સવ "સ્પંદન -2019" મુનપુર આર્ટ્સ કૉલેજને કુલ ચાર ઇવેન્ટમાં મેડલ મળ્યાં સ્કીટમાં પ્રથમ ક્રમ, કાર્ટુનિંગમાં પ્રથમ ક્રમ, માઇમમાં દ્વિતીય ક્રમ અને કોલાજમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કરેલ છે.

સ્કીટના વિજેતા વિદ્યાર્થીઓના નામ :

૧ સેવક કૃપાલીબેન સુરેશચન્દ્ર સેમ-3

૨ વાલું નયનાબેન પ્રતાપભાઈ સેમ-3

૩ પરમાર સુનિલકુમાર જયંતિભાઈ સેમ-3

૪ ડામોર મેહુલકુમાર નાથાભાઈ સેમ -3

૫ પટેલ મેઘનાબેન રમણભાઈ સેમ-3

૬ ડામોર વિપુલભાઈ હિરાભાઈ સેમ-૧




માઈમમાં વિજેતા થનાર વિદ્યાર્થીઓ :

૧ વાલુ નયના પ્રતાપભાઈ સેમ-3

૨ ડામોર મેહુલકુમાર નાથાભાઈ સેમ -3

૩ ચમાર મેહુલકુમાર રામાભાઈ સેમ-૧

૪ પરમાર શૈલેષકુમાર નાનાભાઈ સેમ-3

૫ પરમાર સુનિલ કુમાર જયંતિભાઈ સેમ-3

૬ ડામોર નવીનકુમાર અખમાંભાઈ સેમ-૧

કાર્ટુનિંગના વિજેતા :

૧ ખાંટ શુશીલા જયસિંહ સેમ -3

કોલાજના વિજેતા :

૧ માલીવાડ કલ્પેશ કુમાર પૂજાભાઈ સેમ-૧

❖ **17/09/2019 :**

આજ રોજ અત્રેની કૉલેજ ખાતે સાહિત્ય સરિતા, મુંબઈ અને મુનપુર આર્ટ્સ કોલેજના સયુંક્ત ઉપક્રમે "કવિસંમેલન" નું આયોજન કરવામાં આવ્યું.

આ કવિ સંમેલનમાં ગુજરાતી સાહિત્યમાં વિવેચક, કવિ, નવલકથાકાર તરીકે જાણીતું નામ એવા વંદનીય મણિલાલ હ. પટેલ, કવિશ્રી કુમાર જૈમિની શાસ્ત્રી, કવયિત્રી રિંકુ રાઠોડ "શર્વરી", કવિશ્રી પીયૂષ પરમાર અને કવિશ્રી નરેન્દ્ર જોષી ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમનો સમય 9:00 વાગ્યાનો હતો. પણ ઉપરવાસમાં અતિશય વરસાદને કારણે છેલ્લા બે ત્રણ દિવસથી મહીસાગર પરના કડાણા ડેમના દરવાજા ખોલ્યા હોવાથી આવવા જવાનો મુખ્ય માર્ગ ડૂબાણમાં ગયો છે. આથી કેટલાક કવિશ્રીઓને છેક લુણાવાડાથી ફરીને આવવું પડ્યું. તેમ છતાં તેઓ પધાર્યા.

વંદનીય મણિલાલ હ. પટેલ સાહેબ સમયસર કોલેજમાં પધારી ચૂક્યા હતા. મૂળે શિક્ષકજીવ એટલે એમણે બીજા કવિશ્રીઓ આવી રહે ત્યાં સુધી કોલેજના વિદ્યાર્થીઓને ભણાવવાની અભિલાષા વ્યક્ત કરી. આચાર્યશ્રી મેહતાસાહેબે તરત જ એમના વ્યાખ્યાનની ગોઠવણ કરાવી. સાહેબે એફ. વાય. બી. એ. ના અભ્યાસક્રમમાં ચાલતી પન્નાલાલ પટેલકૃત "મળેલા જીવ" નવલકથા વિશે રસપ્રદ વાતો કરી. અનૌપચારિક અને અનાયાસે યોજાયેલ આ વ્યાખ્યાનથી વિદ્યાર્થીઓને થયેલ આનંદ એમના ચહેરાઓ પર ચમકતો હતો.

બધાં કવિશ્રીઓના આગમન બાદ કવિસંમેલનનો વિધિવત આરંભ કરવામાં આવ્યો.

કાર્યક્રમનો આરંભ ડૉ. સુશીલા વ્યાસે ઇશ્વરવંદનાથી કર્યો હતો. ત્યારબાદ કૉલેજના આચાર્યશ્રી ડૉ. એમ. કે. મહેતાએ સૌ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ કવયિત્રી રિંકુ રાઠોડ 'શર્વરી' એ કાર્યક્રમનું સંચાલન સંભાળ્યું હતું.

ત્યાર બાદ દરેક કવિશ્રીએ કેટલીક સ્વરચિત તો કેટલીક ગુજરાતી સાહિત્યની જાણીતી કાવ્યરચનાઓનું પઠન કર્યું હતું. સૌએ સરસ અને મજા પડી જાય એવી કવિતાઓનું પઠન કર્યું. અંતે મણિલાલ હ. પટેલસાહેબે સ્વરચિત કાવ્યોનું પઠન કર્યું. એમણે સૌથી છેલ્લે એમની

ગુજરાતભરમાં જાણીતી કાવ્યરચના "ગામ જવાની હઠ છોડી દે" નું સુંદર કાવ્યના સંદર્ભ સહિતના ભાવવાહી પઠન દ્વારા સમગ્ર વાતવરણને ભાવભીનું અને કાવ્યમય બનાવી દીધું હતું.

કવિશ્રી કુમાર જૈમિની શાસ્ત્રીજીએ આ સમગ્ર કાર્યક્રમમાં મદદરૂપ થનાર જીજ્ઞેશ શાહ અને હિતેન આનંદપરાનો હાર્દિક આભાર માન્યો.

અંતે ડૉ. એચ. જે. શાહે સૌનો આભાર માની આનંદની લાગણી વ્યક્ત કરી કાર્યક્રમ પૂર્ણ કર્યો.

વિદ્યાર્થીઓના હસતા ચહેરા અને ફરી આવો કાર્યક્રમ થાય એવી એમની માંગણી અને લાગણી એ જ આ કાર્યક્રમની ફલશ્રુતિ
















❖ **02/10/2019 :**

આજ રોજ અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજ ખાતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 150મી જન્મજયંતી નિમિત્તે કોલેજમાં ચાલતા "ગીર ફાઉન્ડેશન પ્રકલ્પ", "ઉન્નત ભારત અભિયાન પ્રકલ્પ", એન. એસ.એસ. યુનિટ તથા સપ્તધારામાની "સામુદાયિક સેવાધારા"ના નેજા હેઠળ "પ્લાસ્ટિકમુક્ત ભારત" તેમજ "સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત"ના સંકલ્પ સાથે લોકજાગૃતિ અર્થે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું. રેલીમાં તમામ સેમેસ્ટરના 300 જેટલા વિદ્યાર્થીઓ અને કોલેજ સ્ટાફ જોડાયો હતો. વિદ્યાર્થીઓએ જોરશોરથી પ્લાસ્ટિકમુક્તિના નારા લગાવ્યા. કોલેજના આચાર્યશ્રી ડૉ. મહેશ કે. મહેતાના માર્ગદર્શન હેઠળ નીકળેલ આ રેલી ખરેખર ખૂબ જ પ્રભાવક રહી હતી સાથે કોલેજના પ્રિન્સિપાલ ડૉ.એમ.કે. મહેતા સાહેબે

વિદ્યાર્થીઓને વક્તવ્ય આપતા જણાવ્યું હતું કે આવનારી પેઢીને વારસામાં ધનસંપત્તિ નહી આપીએ તો ચાલશે, પરંતુ સ્વચ્છ હવા–પાણી વિના આવનારા ભવિષ્યમાં ચાલવાનું નથી. હવે જો પ્લાસ્ટિકમુક્તિનો અને પર્યાવરણસંરક્ષણનો સંકલ્પ લઈ એ પ્રમાણે નહીં વર્તીએ તો મોડું થઈ જશે. જાગ્યા ત્યારથી સવાર

આજે વાવેલું કાલે ઊગશે એ રીતે વિદ્યાર્થીઓને જાગૃત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ ખૂબજ પ્રભાવક , સમાજ માટે પ્રેરક રહ્યો હતો.







❖ **05/10/2019 :**

આજ રોજ અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજ દ્વારા નદીનાથ મહાદેવ મંદિર ખાતે "નવરાત્રી મહોત્સવ - 2019" નું આયોજન કરવામાં આવ્યું. આ રાસોત્સવમાં કૉલેજના સાડા ચારસો જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા. તેમજ સમગ્ર કોલેજ સ્ટાફ હોંશભેર આ કાર્યક્રમમાં સહભાગી થયો.

માતાજીના ગરબા ઉપરાંત આદિવાસી લોકનૃત્ય ટીમલી રમવાની સૌને મજા આવી.

આ સાથે કોલેજના અધ્યાપક ડૉ. ઘનશ્યામભાઈ ભોજવિયા ( હાલ ધાનપુર સરકારી કોલેજ) નો વિદાય- સન્માન સમારોહ પણ યોજવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં અત્રેની કોલેજના સંચાલક મંડળના પ્રમુખશ્રી પ્રબોધકાન્ત પંડ્યાસાહેબ અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા. તેઓશ્રીએ ધીરજ અને શાંતિથી સમગ્ર કાર્યક્રમ સાદ્યંત નિહાળ્યો હતો. ભોજવિયા સાહેબના સન્માન વખતે તેઓશ્રીએ એમની કામગીરીને બિરદાવી તથા આશીર્વચન પાઠવ્યા. કોલેજના કાર્યોને પણ બિરદાવ્યા.

આ સાથે અમે જ્યારે એમને યાદ કરીએ ત્યારે વ્યસ્ત હોય તો પણ સમય કાઢીને અમારી કોલેજના કાર્યક્રમોમાં અચૂકપણે પધારતા 123 સંતરામપુર મતવિસ્તારના લોકલાડીલા ધારાસભ્ય શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરસાહેબ આજે પણ અમારો ઉત્સાહ વધારવા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા. એમણે પણ ભોજવિયાસાહેબને અભિનંદન અને શુભકામનાઓ પાઠવી. તેમજ કોલેજ પરિવારની કામગીરીને બિરદાવી તથા વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી.

આદરણીય મેહતાસાહેબ, સુશીલાબેન વ્યાસ, હર્ષાદાબેન શાહ તેમજ પ્રકાશ વેકરિયાસહેબે ભોજવિયા સાહેબ પ્રત્યેના પોતાના સંવેદનસભર અનુભવો અને સંભારણા વ્યક્ત કર્યા. વાતાવરણ એકદમ ભાવવિભોર બની ગયું હતું.

લાયન્સ ક્લબ, લુણાવાડાવતી પ્રમુખશ્રી નીતાબેન જોશીએ નવરાત્રી મહોત્સવમાં ઉપસ્થિત રહેનાર

તમામ વિદ્યાર્થીઓને આમંત્રિત મહેમાનોના હસ્તે લ્હાણીરૂપે એક એક નોટબુક આપી હતી.

કાર્યક્રમના અંતે સૌએ સમૂહપ્રસાદ ગ્રહણ કર્યો અને આનંદભેર છૂટા પડ્યા.

કોલેજ પરિવારે યોજેલ આ બંને કાર્યક્રમ - નવરાત્રી મહોત્સવ અને ડૉ. જી. જે. ભોજવિયા સાહેબનો સન્માન સમારોહ - ની સફળતા-નિષ્ફળતાનો અંદાજ નીચે મૂકેલ ફોટોસ અને વિડીયોસ પરથી આપ સુજ્ઞજન જ લગાવી શકો છો.













❖ **13/11/2019 :**

આજ રોજ દિવાળી સત્રના પ્રથમ દિવસે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટીના કુલપતિશ્રી પ્રતાપસિંહ ચૌહાણ સાહેબે અત્રેની સંસ્થાની મુલાકાત લીધી હતી. અને સમગ્ર સ્ટાફ સાથે મુલાકાત કરી હતી, સાથે કોલેજમાં સેમ-૧ની યુનિવર્સીટી પરીક્ષા ચાલતી હોઈ સન્માનનીય પ્રતાપસિંહ ચૌહાણ સાહેબે દરેક બ્લોકમાં જઈ વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભાશિષ આપ્યા હતા.કોલેજના ઉર્જામય વાતાવરણની પ્રશંશા કરી હતી.

❖ **02/12/2019 :**

આજરોજ અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજ, શ્રી યુ. એચ. ભટ્ટ મેમોરિયલ હાઈસ્કૂલ, મુનપુર, મુનપુર પ્રાથમિક શાળા, આશ્રમ શાળા, મુનપુરના સંયુક્ત યજમાનપદે "ઉત્થાન" નામની સમાજ કલ્યાણના તેમજ લોકજાગૃતિના કાર્યો કરતી સંસ્થા અને સંતરામપુર તેમજ દાહોદના "એકતા મહિલા સંગઠન" દ્વારા "આપણાં બંધારણની સંસ્કૃતિના ઉદય તરફ" નામનો ખૂબ જ સુંદર અને ભવ્ય કાર્યક્રમ યોજાયો.

આ કાર્યક્રમની વિશિષ્ટતા એ કે બંધારણ બાબતે લોકજાગૃતિ કેળવવા-વિકસાવવા સંગીતકલાનું તેની સાથે સંકલન સાધવામાં આવ્યું. બંધારણ બાબતે લોકજાગૃતિ કેળવવા સંગીતકલાની સાથે

જોડાયેલ અમદાવાદનું પ્રસિદ્ધ મુક્ત બેન્ડના કલાકારોએ અને દેશભરના જાણીતા સાહિત્યકારો નિદા ફાજલી , કેફી આઝમી , ધર્મવીર ભારતી ,કબીર વગેરે સૂફીસંતોની કાવ્યરચનનાઓમાં અનાયાસે કાવ્યત્વ પામેલા બંધારણ અને માનવજીવનના મૂલ્યોને ગાયન અને સંગીતસંશાધનોના માધ્યમથી અભિવ્યક્ત કર્યા.

દરેક રચનાના ગાયન પૂર્વે ભૂમિકારૂપે તેમજ ગાયન બાદ સમજૂતી તરીકે એ રચનામાં છુપાયેલ બંધારણીય મુદ્દાઓ અને માનવજીવનના મૂલ્યોને કોલેજના હિન્દી વિભાગના અધ્યક્ષા ડૉ. સુશીલા વ્યાસે ખૂબ સુંદર રીતે સમજાવ્યા.

ઉપરાંત કોલેજના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપિકા શ્રીમતી લક્ષ્મીબેન વસાવાએ ભારતીય બંધારણની વિશિષ્ટતાઓની ખુબ જ સુંદર સમજ આપી.

કાર્યક્રમના અંતે કોલેજના આચાર્યશ્રી ડૉ. એમ. કે. મેહતાએ અને ભગિની સ્કૂલના આચાર્યશ્રી શશિકાન્ત પ્રજાપતિ સાહેબે "ઉત્થાન" સંસ્થાની કામગીરીને હૃદયપૂર્વક બિરદાવી.

અંતે "ઉત્થાન" સંસ્થાના ટ્રસ્ટી માનનીય નફીસાબેન બારોટે યજમાન સંસ્થાઓના સર્વ આચાર્યશ્રીઓને મોમેન્ટો આપી ખુશી વ્યક્ત કરી.

કાર્યક્રમના અંત સુધી આંગળીના વેઢે ગણી શકાય એટલા જ વિદ્યાર્થીઓએ પોતાનું સ્થાન છોડ્યું એ આ કાર્યક્રમની ખૂબજ ઉત્તમ સફળતા.....












❖ **09/12/2019 :**

આજ રોજ આર્ટ્સ કોલેજ મુનપુરના સંસ્કૃત વિભાગ દ્વારા "ગીતા જયંતિ" ની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે વિભાગના પરેશ પારેખે ભૂમિકા બાંધી આપી હતી. ત્યારબાદ સંસ્થાના આચાર્યશ્રી અને વરિષ્ઠ અધ્યાપક એવા ડો.એમ.કે.મેહતા સાહેબે વિદ્યાર્થીઓને ગીતાના મહાત્મ્ય અને વર્તમાન સમયમાં તેની પ્રસ્તુતતા અંગે ખૂબ જ

સહજ અને સરળ એવી મનનીય વાતો રજૂ કરી હતી.





❖ **14-15/12/2019 :**

એમ કુલ બે દિવસ ગોધરા ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગુજરાત પ્રદેશ દ્વારા પ્રદેશ સ્તરીય જનજાતિ વિદ્યાર્થી સંમેલન ''જનજાતિ યુવાનાદ '' યોજવામાં આવ્યો. આ સંમેલનમાં અત્રેની સંસ્થામાંથી કુલ ૧૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.ગુજરાતભરમાંથી લગભગ ૫૦૦ ઉપરાંત અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થી ભાઈ –બહેનો આ સંમેલનમાં જોડાયા હતા.અને રાષ્ટ્રવાદી વિચારધારાથી ઓતપ્રોત થઈને ભવિષ્યમાં દેશ તથા તેમના સમાજ માટે મજબૂત નેતૃત્વ પૂરું પાડવા માટે તેમજ સમાજને સાચી દિશામાં લઈ જવા માટે કટિબદ્ધ બન્યા હતા.આ વિદ્યાર્થીઓએ કોલેજના સમાજશાસ્ત્ર વિભાગના પ્રો.ડૉ . જી.પી. ઠાકોર લઈ ને ગયા હતા અને માર્ગદર્શન પૂરું પડ્યું હતું .

❖ **17/12/2019 :**

આજ રોજ ક્રિસ્ટલ સ્કૂલ ,લુણાવાડા અને ગુજરાત રાજ્ય યુવક બોર્ડ દ્વારા ''ગુજરાત રાજ્ય યુવાનીતિ '' વિષય ઉપર વર્કશોપનું આયોજન થયું. આ વર્કશોપમાં કોલેજમાંથી સેમ -૬ નાં કુલ ૦૫ વિદ્યાર્થીઓએ સક્રિય રીતે ભાગ લીધો.

સહભાગી થનાર વિદ્યાર્થીઓના નામ :

૧ ડામોર દલસુખભાઈ ધૂળાભાઈ

૨ ડામોર સંજયભાઈ અભેસિંગ ભાઈ

૩ ડામોર બાબુભાઈ મોતીભાઈ

૪ ડામોર અશોકભાઈ મોતીભાઈ

૫ ડામોર અશોકભાઈ ભરતભાઈ

ચૌધરી રઘુવીરસિંહ વસંતભાઈ

❖ **18/12/2019**

આજરોજ અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજ દ્વારા "યુગપુરુષ ડૉ. બાબાસાહેબ આંબેડકર" વિષય પર પાંડવા હાઇસ્કૂલના નિવૃત્ત આચાર્યશ્રી શ્રી જે. જે. વણકરસાહેબનું વ્યાખ્યાન યોજાયું. સૌ પ્રથમ કોલેજના આચાર્યશ્રી ડૉ. એમ. કે. મેહતાસાહેબે વકતાશ્રીને સપ્રેમ આવકાર્યા હતા અને આ વ્યાખ્યાનની પૂર્વભૂમિકા રચી આપી હતી.

શ્રી જે. જે. વણકરસાહેબે ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવનચરિત્ર સાથે સાથે તેમના કર્મનો, તેમના કાર્યોનો ખૂબ જ ઊંડાણપૂર્વક અને સરળ ભાષામાં પરિચય કરાવ્યો હતો. આ વ્યાખ્યાનમાં કોલેજના ૧૩૦થીયે વધુ વિદ્યારથીઓ અને સ્ટાફમિત્રો સહભાગી બન્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના ગુજરાતી વિભાગના પ્રો.જે .એલ. ખાંટ સાહેબે કર્યું હતું .

કાર્યક્રમના અંતે કોલેજના હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. સુશીલા વ્યાસે પ્રો પ્રોત્સાહક વાત સાથે આભારવિધિ કરી હતી.




❖ **26/12/2019 :**

આજરોજ અત્રેની કોલેજ ખાતે "હાસ્યદરબાર"નું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમના આરંભે કોલેજના આચાર્યશ્રી ડૉ. એમ. કે. મેહતાસાહેબે સ્વાગત પ્રવચન કરીને કાર્યક્રમની સુંદર ભૂમિકા રચી આપી હતી. ત્યારબાદ મોરબીના વતની એવા હાસ્યકલાકાર શ્રી દિલીપભાઈ સોનીએ વિદ્યાર્થીઓને રોજિંદા જીવનના પ્રસંગો પર હળવો કટાક્ષ કરી હસાવ્યા હતા. ઉપરાંત વિવિધ પ્રાણીઓ અને યંત્રોના અવાજ કાઢી વિદ્યાર્થીઓને આનન્દિત કરી દીધા હતા. આ કાર્યક્રમમાં કોલેજ સ્ટાફ સહિત ૨૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો . કોલેજના સંસ્કૃત વિભાગના અધ્યાપક શ્રી પરેશ પારેખે આભારવિધિ દ્વારા કાર્યક્રમની પૂર્ણાહુતી કરી હતી.







❖ **27/12/2019 :**

આજરોજ અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજ ખાતે કૉલેજમાં ચાલતી ઉદ્દીશા ક્લબ અને ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અંતર્ગત ચાલતી નેક્સ ટેક સિસ્ટમના સંયુક્ત ઉપક્રમે "IELTS & TOFEL" માટેના કોચિંગ કલાસનો માર્ગદર્શન સેમિનાર યોજાયો.

સૌપ્રથમ કોલેજના આચાર્યશ્રી ડૉ. એમ. કે. મેહતાએ કાર્યક્રમની ભૂમિકા રચી આપી અને કાર્યક્રમનાં હેતુઓ સ્પષ્ટ કરી આપ્યા. આ પ્રસંગે મૂળ મહીસાગર જિલ્લાના વતની અને હાલ અમદાવાદના નિવાસી તથા મેમરી અને મોટીવેશનલ કોચ શ્રી સુહાગભાઈ પંચાલે વિદેશ અભ્યાસ કરવા જવા માટેની ઈચ્છા ધરાવતા હોય તેવા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન અને જરૂરી તાલીમ, જેમાં અંગ્રેજી ભાષાની તૈયારી, વિદેશની યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવાની પ્રક્રિયા, પરદેશ વિઝા, આર્થિક સહાય વગેરે મુદ્દાઓ પર ખૂબ સરસ માર્ગદર્શન પૂરું પાડયું હતું .

આ ઉપરાંત તેમણે સફળતા પ્રાપ્ત કરવાના વિવધ સ્ટેપ ગોલ- લક્ષ્ય, વિચાર વગેરે પર ખૂબ જ સરસ, પ્રેરણાત્મક અને અસરકારક વાતો કરી.....વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ખૂબ ખુશ થયા.

કાર્યક્રમના અંતિમ સેશનમાં વિદ્યાર્થીઓએ અને આચાર્યશ્રી-અધ્યાપકશ્રીએ સેમિનાર અને સૌને મૂંઝવતા પ્રશ્નોને અનુલક્ષી પ્રશ્નોત્તરી યોજાઈ.

કાર્યક્રમના અંતે ઉદીશા ક્લબના કોઓર્ડીનેટર ડૉ. એમ. એ. સૈયદે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો .







- **27/12/2019 થી 31/12/2019 :**

દરમિયાન બારડોલીસ્થિત ઉકા તરસાડીયા યુનિવર્સિટી ખાતે વેસ્ટ ઝોન ઇન્ટર યુનિવર્સિટી યુથ ફેસ્ટિવલ - 2019 ( યુવક મહોત્સવ) યોજાયો , જેમાં ગુજરાત , મહારાષ્ટ્ર ,રાજસ્થાન,દીવ ,દમણ અને ગોવાની કુલ ૪૮ જેટલી યુનિવર્સીટીઓએ ભાગ લીધો હતો .

જેમાં શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરાની વિવિધ ઈવેન્ટસમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ગયા હતા. જેમાં અત્રેની શ્રીમતી સી. આર. ગાર્ડી આર્ટ્સ કોલેજ, મુનપુરમાંથી 7 વિદ્યાર્થીઓ સ્કિટ અને કાર્ટૂનિંગની સ્પર્ધાના સ્પર્ધક તરીકે આ યુથ ફેસ્ટિવલમાં સહભાગી થયા હતા.અને ઉત્તમ પ્રદર્શન કર્યું હતું . ટીમ મેનેજર તરીકે કોલેજના હિન્દી વિભાગના અધ્યક્ષા ડૉ. સુશીલા એસ. વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા

સ્કીટમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓના નામ :

૧ સેવક કૃપાલીબેન સુરેશચન્દ્ર સેમ-3
૨ વાલુ નયનાબેન પ્રતાપભાઈ સેમ-3
૩ પટેલ મેઘનાબેન રમણભાઈ સેમ-3
૪ પરમાર સુનીલકુમાર જયંતીભાઈ સેમ-3
૫ ડામોર મેહુલકુમાર નાથાભાઈ સેમ-3
૬ ડામોર વિપુલકુમાર હિરાભાઈ સેમ- સેમ-૧

કાર્ટૂનિંગમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓના નામ :

૧ ખાંટ શુશીલાબેન જયસિંહ સેમ -3






- **01/01/2020 થી 03/01/2020 :**

દરમ્યાન ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને ઇન્સ્ટિટ્યૂટ ઓફ લીડરશિપ એન્ડ ગવર્નન્સ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા દ્વારા યોજાઈ રહેલ "સરિતા સમીપે સાહિત્ય સંવાદ" નામની ત્રિદિવસીય શિબિરમાં ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓમાંથી વિદ્યાર્થીઓ સહભાગી થયા

હતા. આ શિબિરમાં શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી, ગોધરા સંલગ્ન આપણી મુનપુર આર્ટ્સ કૉલેજ ના સેમેસ્ટર-6 માં અભ્યાસ કરતા બે વિદ્યાર્થી સંજય અભેસિંગ ડામોર અને દલસુખ ધુળાભાઈ ડામોર અને ગુજરાતી વિભાગના અધ્યાપક ડૉ. રાજેન્દ્રકુમાર બાંભણીયા સહભાગી બન્યા હતા .

આ શિબિરમાં નદીકિનારે પ્રકૃતિના સાન્નિધ્યમાં પરિભ્રમણ કરતા કરતા સાહિત્ય અને અધ્યાત્મની રસપૂર્ણ ચર્ચાઓ કરવામાં આવી હતી. આ શિબિરમાં ડૉ.નરેશ વેદ , ડૉ. બળવંત જાની , પ્રો . જે,એમ ચન્દ્રવાડિયા ,

જિગર ઈનામદાર , એમ.એસ. યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર શ્રી ડૉ. પરિમલ વ્યાસ જેવા ઉત્તમ વક્તાઓના વક્તવ્યનો લાભ મળ્યો હતો .સાથે

ગુજરાત સાહિત્ય અકાદમી ના અદયક્ષ શ્રી વિષ્ણુભાઈ પંડ્યા અને મહામાત્ર ડૉ.અજયસિંહ ચૌહાણ પણ ઉત્સાહભેર જોડાયા હતા. સાથે સાથે માં નર્મદાની પરિક્રમા કરવી એવા ઉપક્રમ સાથે યોજાયેલ આ શિબિર સમગ્ર ગુજરાતનો પ્રથમ પ્રયોગ હતો.







❖ **06/01/2020 :**

આજરોજ અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજમાં ચાલતા એન. એસ. યુનિટ દ્વારા સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું.

એન. એસ. એસ. યુનિટના સંયોજક શ્રી જે. એલ. ખાંટના નેજા હેઠળ કોલેજના ત્રણે સેમેસ્ટરમાં અભ્યાસ કરતા ભાઈઓ- બહેનોએ મુનપુર તળાવ પર આવેલ પંચવટી બાગ અને તેની આસપાસ સફાઈકાર્ય કર્યું.

એન. એસ. યુનિટ દ્વારા યોજાતા સફાઈ અભિયાનો એવું સૂચવે છે કે પોતાનું ઘર, શાળા, કર્મભૂમિ અને આસપાસનો પરિવેશ સ્વચ્છ રાખવો એ દરેક નાગરિકનો પ્રાથમિક ધર્મ છે.એ પ્રકારનો સંદેશ સમાજને આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો .





❖ **10/01/2020**

અત્રેની શ્રીમતી સી. આર. ગાર્ડી આર્ટ્સ કોલેજ, મુનપુર ખાતે 12 જાન્યુઆરી 2020 ના રોજ આવતી સ્વામી વિવેકાનંદની 157 મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે કોલેજના જ બે

અધ્યાપકોના સ્વામી વિવેકાનંદને અનુલક્ષતા બે વ્યાખ્યાનોનું આયોજન થયું.

આ બે વ્યાખ્યાનો યોજવાનો ખ્યાલ કોલેજના આચાર્યશ્રી ડૉ. એમ. કે. મેહતાસાહેબનો મૌલિક ખ્યાલ હતો. વક્તા તરીકે કોને તક આપવી એમાં પણ તેઓ નવતર પ્રયોગ લાવ્યા. ચિઠ્ઠી ઉપાડીને જેનું નામ આવે એમણે વ્યાખ્યાન આપવું એવો નવીન ઉપક્રમ અને પરંપરા શરૂ કરી. હવે પછીના કાર્યક્રમમાં આજના બે વક્તાઓના નામ બાદ કરી ચિઠ્ઠીઓ બનાવશે અને નવા વક્તાઓને તક આપવામાં આવશે.

કાર્યક્રમના આરંભે તેમણે પ્રસંગાનુરુપ સુંદર ભૂમિકા રચી આપી હતી.

ત્યારબાદ કોલેજના હિન્દી વિભાગના અધ્યક્ષ શ્રીમતી ડૉ. સુશીલા વ્યાસે "स्वामी विवेकानंद के विचार : चरित्रनिर्माण के विशेष संदर्भ में" વિષય પર ખૂબ જ રસવાહી શૈલીમાં વ્યાખ્યાન આપ્યું. સ્વામી વિવેકાનંદના જીવનપ્રસંગોને વણીને તેમણે આદર્શ માનવનો ખ્યાલ સપષ્ટ કરી આપ્યો હતો.

ત્યાર બાદ ગુજરાતી વિભાગના અધ્યાપક ડૉ. રાજેન્દ્રકુમાર બાંભણિયાએ "સ્વામી વિવેકાનંદનો યુગસંદર્ભ અને યુવાનો વિશેના તેમના વિચારો" વિષય પર પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન સાથે સરસ વ્યાખ્યાન આપ્યું. સ્વામી વિવેકાનંદ જે સમયમાં થઈ ગયા એ સમયનું વિશ્વ અને ભારત તથા સ્વામી વિવેકાનંદ યુવાનો પાસે કેવા આદર્શો અને આચરણની અપેક્ષાઓ રાખતા એના વિશે રસપ્રદ વાત કરી હતી

ધર્મ, જાતિ, ઉંમર એવા કોઈ પણ જાતના ભેદભાવ વિના સૌને પોતાના આદર્શ જેવા લાગતા સ્વામી વિવેકાનંદના વિચારો સાંભળવા અને માણવા કોને ન ગમે? કોલેજમાં અભ્યાસ કરતા ત્રણે સેમેસ્ટરના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.







❖ **10/01/2020 :**

આજરોજ અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજ ખાતે સ્વામી વિવેકાનંદની 157મી જન્મજયંતિની ઉજવણીરૂપે કોલેજના અધ્યાપકોના વ્યાખ્યાન ઉપરાંત બીજી પણ એક સરસ પ્રવૃત્તિનું આયોજન થયું.

કોલેજમાં ચાલતી સામુદાયિક સેવધારા, એન. એસ. એસ યુનિટ અને ભારત સરકારના માનવ સંશાધન અને વિકાસ મંત્રાલયના નેજા હેઠળ ચાલતા "ઉન્નત

ભારત અભિયાન" અંતર્ગત "પશુપાલન અને ઉછેર" શીર્ષક હેઠળ એક માર્ગદર્શન સેમિનાર યોજાયો.

આ સેમિનારમાં માર્ગદર્શક તરીકે બે પશુચિકિત્સક ઉપસ્થિત રહ્યાં હતાં.

1. ડૉ. વી. ડી. ગામીત (મુનપુર)
2. ડૉ. સી. એન. પરમાર (માલવણ)

સેમિનારના આરંભમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. એમ. કે. મેહતાએ કાર્યક્રમની ભૂમિકા રચી આપી અને બંને ડૉક્ટરશ્રીઓનો વિગતે પરિચય આપ્યો હતો. બંને ડૉ. પશુપાલન વિશે માહિતીસભર વાતો કરી. ડૉ. વી. ડી ગામીતે વિવિધ પ્રકારની ભેંસો અને તેમની દુધઉત્પાદન ક્ષમતાને લગતી, તેમને આવશ્યક ખોરાકને લગતી તથા પશુપાલન માટે સરકાર દ્વારા થતી સહાયો બાબતે રજુઆત કરી હતી.

ડૉ. સી. એન. પરમારે પશુઓને થતા વિવિધ રોગો અને તેના ઉપચારો વિશે જાણવા જેવી વાત કરી. ગાય કે ભેંસ દોહવાની પદ્ધતિ વિશે પણ ખૂબ જ માહિતીપ્રદ અને પશુના આરોગ્યને ઉપકારક વાત કરી.

આ સાથે પશુપાલન બાબતે માર્ગદર્શન આપતી પુસ્તિકાનું પણ વિદ્યાર્થીઓને વિતરણ કરાયું.

કોલેજ પરિવારવતી આ બંને ડૉક્ટરશ્રીઓનો હાર્દિક આભાર

વિદ્યાર્થીઓને અને તેમના વાલીઓને આ માર્ગદર્શન સેમિનાર ઉપયોગી થાય એવા શુભાશય સાથે સેમેનાર પૂર્ણ કરવામાં આવ્યો.







❖ **13/01/2020 :**

આજરોજ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા ખાતે "નમો ટેબલેટ" વિતરણનો કાર્યક્રમ યોજાયો.આ કાર્યક્રમ ગુજરાત સરકારના મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર સાહેબના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં કોલેજના 90 જેટલા વિદ્યાર્થી સહભાગી થયા. આ કાર્યક્રમમાં ટીમ મેનેજર તરીકે કોલેજના ગુજરાતી વિભાગના અધ્યાપક શ્રી જે. એલ. ખાંટ અને કોલેજના હિન્દી વિભાગના અધ્યાપિકા શ્રીમતી એન. જે. જોશી ઉપસ્થિત રહ્યા હતા.






❖ **18/01/2020 :**

આજરોજ લુણાવાડા ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, શ્રી મહાકાલ કોમ્યુનિકેશન કલોલ અને મહીસાગર સાહિત્ય સભાના સંયુક્ત ઉપક્રમે "ગુજરાતી પ્રથમ નવલકથા 'કરણઘેલો' ના

સર્જક નંદશંકર તુળજાશંકર મેહતા અને પંચમહાલ જિલ્લાના સર્જક જયંત પાઠક" વિષય પર એક દિવસીય રાજ્યકક્ષાનો પરિસંવાદ યોજાયો.

આ પરિસંવાદમાં અત્રેની કોલેજના સેમ-૨નાં ૦૬ વિદ્યાર્થીઓ અને કોલેજના ગુજરાતી વિભાગના અધ્યાપક શ્રી જે. એલ. ખાંટ સહભાગી થયા.

કોલેજમાંથી સહભાગી થનાર વિદ્યાર્થીઓ :

1. માછી જયેશકુમાર લેંબાભાઈ
2. ડામોર વિપુલકુમાર હીરાભાઈ
3. રાવળ કલ્પેશકુમાર મનસુખભાઈ
4. માલીવાડ મહેશભાઈ ભાથીભાઈ
5. ડામોર શૈલેષભાઇ ભાથીભાઈ
6. ચૌહાણ પ્રદીપકુમાર દેવેન્દ્રભાઈ

આ પ્રસંગે ડૉ. પ્રવિણ દરજી સાહેબે બીજરૂપ વક્તવ્ય આપ્યું હતું. આ ઉપરાંત વિવિધ વક્તાઓ ડૉ.મણીલાલ હ. પટેલ ,ડૉ. રાજેશ વણકર ,મકરંદ મહેતા , કનુભાઈ દવે,પ્રતાપસિંહ ડાભી ,અને શ્રી વિનોદ ગાંધી જેવા ઉત્તમ વક્તાઓનો લાભ કોલેજના વિદ્યાર્થીઓને મળ્યો હતો.







❖ **20/01/2020 :**

આજરોજ અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજ ખાતે સ્વામી વિવેકાનંદની 157 મી જન્મજયંતિ (12/01/2020) નિમિત્તે સ્વામી વિવેકાનંદનું જીવન, વ્યક્તિત્વ અને કાર્યો વિષયાધારિત ક્વિઝસ્પર્ધા-2020 નું આયોજન કરવામાં આવ્યું.

આ સ્પર્ધામાં બી.એ. સેમેસ્ટર 2, 4 અને 6 ની મળી કુલ 30 વિદ્યાર્થિનીઓ અને 16 વિદ્યાર્થીઓ એમ કુલ 46 વિદ્યાર્થીઓ સહભાગી થયા.

આ સ્પર્ધામાં સૌથી વધારે ગુણ મેળવી પ્રથમ,દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓના નામ અને વિગતો આ પ્રમાણે છે :

પ્રથમ ક્રમાંક : ડામોર વિપુલભાઈ હીરાભાઈ : સેમેસ્ટર - 2 (23/25)

દ્વિતીય ક્રમાંક : વાલુ નયનાબેન પ્રતાપભાઈ : સેમેસ્ટર - 4 (22/25)

તૃતીય ક્રમાંક : ડામોર સંજયભાઈ અભેસિંહ : સેમેસ્ટર - 6 (21/25)

આ સમગ્ર સ્પર્ધામાં કોલેજના સર્વ અધ્યાપકમિત્રોએ પૂરી નિષ્ઠાથી સહકાર આપ્યો અને એ રીતે ખૂબ જ સરસ રીતે સ્પર્ધા સંપન્ન થઈ હતી એનો આનંદ અનેરો હતો.






❖ **21/01/2020 :**

આજરોજ અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજ ખાતે નમો ઈ ટેબલેટ વિતરણનો કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે 123 સંતરામપુર વિધાનસભાના ધરાસભ્યશ્રી પ્રો. ડો. કુબેરભાઈ ડીંડોર અને અતિથિ શ્રી સમીતભાઈ પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, મહીસાગર (લુણાવાડા) ઉપસ્થિત રહ્યા.

કાર્યક્રમના આરંભે કોલેજના આચાર્યશ્રી ડૉ. મહેશ કે મેહતાએ અતિથિશ્રી કુબેરભાઈ ડીંડોરનો વિસ્તૃત પરિચય આપ્યો અને કાર્યક્રમની ભૂમિકા રૂપે તેમને ઇ ટેબલેટના હકારાત્મક ઉપયોગો અંગે થોડી ચર્ચા કરી કાર્યક્રમની સુંદર ભૂમિકા રચી આપી હતી.

ત્યારબાદ ધારાસભ્યશ્રી પ્રો. ડો. કુબેરભાઈ ડીંડોરે કોલેજના સૌ વિદ્યાર્થીઓને અભ્યાસમાં ટેબ્લેટની ઉપયોગિતા અને સરકારશ્રીની આ યોજના વિશે સરસ માહિતી આપી તથા સૌ વિદ્યાર્થીઓને ઉત્તમ અભ્યાસ માટે અને ઊજ્જ્વલ ભવિષ્ય માટે આશીર્વચન પાઠવ્યા હતા.

ત્યાર બાદ ધારાસભ્યશ્રીના હસ્તે કોલેજના વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ કરાયું. કોલેજના ૧૭૦ ઉપરાંત વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ કરાયા હતા.

આ કાર્યક્રમનું સુચારુ અને સુંદર સંચાલન કોલેજના હિન્દી વિભાગના પ્રાધ્યાપિકા શ્રીમતી નીતાબેન જોશીએ કર્યું હતું.







❖ **21/01/2020 :**

આજરોજ મુનપુર આર્ટ્સ કૉલેજમાં બીજી પણ એક રસપ્રદ પ્રવૃત્તિ યોજાઈ. કોલેજમાં ચાલતા ઉન્નત ભારત અભિયાનના પ્રકલ્પ અને એન. એસ. એસ. યુનિટ દ્વારા એક કૃષિ માર્ગદર્શન સેમિનારનું આયોજન થયું.

આ સેમિનારમાં મહીસાગર જિલ્લાના જેલ્લા ખેતીવાડી અધિકારીશ્રી સમીતભાઈ પટેલ માર્ગદર્શક- વક્તા તરીકે આવ્યા. એમણે આધુનિક ખેતી, ખેતીવિષયક અભ્યાસ માટે ગુજરાતમાં ચાલતી યુનિવર્સિટીઓ અને તેની કામગીરી, ખેતી અને પશુપાલન માટે સરકાર તરફથી મળતી

આર્થિક સહાય વગેરે બાબતે ખૂબ વિસ્તારપૂર્વક અને માહિતીસભર વાત કરી. 150 ઉપરાંત વિદ્યાર્થીઓ આ કાર્યક્રમથી લાભાન્વિત થયા.

આ સમગ્ર કાર્યક્રમનું ખૂબ જ સરસ અને સુચારુ સંચાલન કોલેજના સંસ્કૃત વિભાગના અધ્યાપકશ્રી ડૉ. પરેશ પારેખે કર્યું.







❖ **23/01/2020 :**

આજરોજ અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજ ખાતે ક્રાંતિકારી નેતા "સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિ" નિમિત્તે બે વ્યાખ્યાનોનું અને દેશભક્તિગીતોનું ગાયન કરવામાં આવ્યું.

આજના આ કાર્યક્રમના પ્રથમ વક્તા કોલેજના સંસ્કૃત વિભાગના અધ્યાપકશ્રી પ્રો. ડૉ. પરેશ પારેખે "સુભાષચંદ્ર બોઝનું જીવન અને કાર્યો" વિષય પર રસપ્રદ, વિગતસભર અને વિસ્તારી વ્યાખ્યાન આપ્યું હતું .આ વ્યાખ્યાનમાં તેમણે સુભાષચંદ્ર બોઝના જન્મથી લઈને અંતિમ ક્ષણો સુધીની સફરની મહત્વની ઘટનાઓ અને બનાવો અંગે વિગતવાર માહિતી આપી હતી.

બીજા વક્તા કોલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષા પ્રો. ડૉ. હર્ષદા શાહે "સુભાષચંદ્ર બોઝના ક્રાંતિકારી વિચારો" વિષય પર રસવાહી શૈલીમાં અને વિદ્યાર્થીભોગ્ય વ્યાખ્યાન આપ્યું હતું. તેઓએ આઝાદીની ચળવળમાં સુભાષચંદ્રનું યોગદાન શું હતું ? તેમના ક્રાંતિકારી વિચારોની અસરો અને પરિણામો અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું .

ત્યારબાદ કોલેજમાં અભ્યાસ કરતા ત્રણ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ દેશભક્તિ ગીતોનું ગાન કરી ખંડના વાતાવરણને દેશભક્તિ ભાવ/ઊર્મિથી ભાવવાહી બનાવી દીધું. દેશભક્તિ ગીતોનું ગાયન કરનાર ત્રણ વિદ્યાર્થીઓની વિગતો નીચે પ્રમાણે છે

1. કૃપાલીબેન સરેશચંદ્ર સેવક
2. મેઘનાબેન રમણભાઈ પટેલ
3. ડામોર વિપુલકુમાર હીરાભાઈ

વિદ્યાર્થીઓની મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને સમગ્ર કાર્યક્રમને સરસ રીતે માણ્યો હતો.





❖ **23/01/2020 :**

આજરોજ અત્રેની મુનપુર આર્ટ્સ કોલેજ ખાતે ક્રાંતિકારી નેતા "સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિ" નિમિત્તે કોલેજમાં અભ્યાસ કરતા ત્રણ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ દેશભક્તિ ગીતોનું ગાયન કરી ખંડના વાતાવરણને દેશભક્તિની ભાવનાથી ભાવવાહી બનાવી દીધું હતું .

દેશભક્તિ ગીતોનું ગાન કરનાર ત્રણ વિદ્યાર્થીઓની વિગતો નીચે પ્રમાણે છે

1. કૃપાલીબેન સરેશચંદ્ર સેવક
2. મેઘનાબેન રમણભાઈ પટેલ
3. ડામોર વિપુલકુમાર હીરાભાઈ

વિદ્યાર્થીઓની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહી હતી અને સમગ્ર કાર્યક્રમ સરસ , આનંદપૂર્ણ રહ્યો હતો.





❖ **23/01/2020 :**

આજરોજ અત્રેની મુનપુર આર્ટ્સ કોલેજ ખાતે "સ્વચ્છતા પખવાડિયા 2020" અંતર્ગત "TALK ON SWACHCHHTA" વિષય પર કોલેજના અંગ્રેજી વિભાગના અધ્યાપકશ્રી પ્રો. ડૉ. પ્રકાશ વેકરીયાએ વક્તવ્ય આપ્યું હતું તેઓશ્રીએ વ્યક્તિગત સ્વચ્છતાની વાત કરતા શારીરિક અને માનસિક સ્વચ્છતાની વિગતે વાત કરી હતી. હવા ,પાણી ,ખોરાક અને સમગ્ર વાતાવરણની સ્વચ્છતા અંગેની પણ ઉદાહરણ સહિત વાત કરી હતી . આ સંદર્ભે તેમને પ્લાસ્ટિકથી થતા નુકસાન અને વિદ્યાર્થીઓને પ્લાસ્ટિક મુક્ત થવા અંગે અપીલ કરી હતી. સાથે  આપણી આસપાસના પરિસરની સ્વચ્છતા એ દરેક નાગરિકની પ્રાથમિક ફરજ છે એવા મંતવ્ય સાથે એમણે ખૂબ સરસ વાત કરી પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું હતું .આ બન્ને કાર્યક્રમનું સુચારુ સંચાલન કોલેજના ગુજરાતી વિભાગના અધ્યાપક ડૉ.આર.આર. બાંભણિયાએ કર્યું હતું.





❖ **24/01/2020** :

આજરોજ અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજ ખાતે "સ્વચ્છતા પખવાડિયું - 2020" અંતર્ગત "Talk on Forest Conservation" વિષય પર કોલેજના પી.ટી.આઈ. શ્રી ડૉ. નવીનભાઈ પટેલે વક્તવ્ય આપ્યું. તેમણે વન્યસંપતિના સંરક્ષણ અને સંવર્ધન માટે ખૂબ જ વિસ્તારપૂર્વક અને રસપ્રદ વાતો કરી.તેમનું વ્યાખ્યાન ખૂબજ પ્રેરણાત્મક રહ્યું હતું.આ વ્યાખ્યાનમાં કોલેજના કુલ ૧૨૦ ઉપરાંત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.






❖ **25/01/2020 :**

આજરોજ અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજ ખાતે "રાષ્ટ્રીય મતદાર દિવસ - 2020" ની ઉજવણી કરવામાં આવી.

આરંભે કોલેજના આચાર્યશ્રી ડૉ. એમ. કે. મહેતાએ ભૂમિકારૂપે મતદાન કોણ કોણ કરી શકે અને મતદાનનું મહત્ત્વ વિશે સરસ વાત કરી.

ત્યારબાદ કોલેજના હિન્દી વિભાગના અધ્યક્ષ શ્રીમતી ડૉ. એસ. એસ. વ્યાસે શા માટે આજના દિવસે જ મતદાર દિવસ ઉજવવામાં આવે છે. આ કાર્યક્રમની ઉજવણી પાછળનું પ્રયોજન વગેરે વિશે વિગતે વાત કરી.

ત્યારબાદ એસ. બી. શ્રીમાળીસાહેબ, નાયબ મામલતદારશ્રી - મતદાર યાદી, મામલતદાર કચેરી, કડાણાએ મતદાનનો અધિકાર, મતદાન કોણ કોણ કરી શકે અને શા માટે મતદાન કરવું જોઈએ વગેરે બાબતે ખૂબ સરસ અને વિગતવાર વાત કરી. સાથે મામલતદારશ્રીએ વિદ્યાર્થીઓ સાથે મતદાર યાદીમાં નામ નોધાવવા , નામ સ્થલાન્તરીત કરવા, નામ કમી કરવા માટે કયું ફોર્મ ભરવું ? અને કોનો કોનો સંપર્ક કરવો તે અંગે માર્ગદર્શન પૂરું પડ્યું હતું.

ત્યારબાદ કોલેજના સૌ વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને ઉપસ્થિત સૌ મહેમાનોએ કર્તવ્યપૂર્વક મતદાન કરવાના શપથ લીધા.

કાર્યક્રમ સરસ અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયો હતો.







❖ **25/01/2020 :**

આજરોજ અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજના હેડ ક્લાર્ક "શ્રી પ્રદીપભાઈ પંડ્યાનો વયનિવૃત્તિ

સન્માન સમારોહ" યોજાયો. આ કાર્યક્રમમાં એમ. જી. એસ. કેળવણી મંડળના પ્રમુખશ્રી સન્માનનીય પ્રબોધકાન્ત પંડ્યાસાહેબ, 123 - સંતરામપુર મતવિસ્તાર વિધાનસભાના ધારાસભ્યશ્રી કુબેરભાઈ ડીંડોર, કોલેજપરિવાર અને ભગિની શાળાપરિવાર તથા પ્રદીપભાઈ પંડ્યાના સ્નેહીજનો ઉપસ્થિત રહ્યા. કોલેજના હિન્દી વિભાગના અધ્યક્ષા શ્રીમતી ડૉ. સુશીલા વ્યાસે ભારતીય પરંપરા અનુસાર પ્રાર્થના દ્વારા કાર્યક્રમનો આરંભ કર્યો.

ત્યારબાદ મંચ પરના સર્વે મહાનુભાવોએ દીપપ્રાગટ્ય કર્યું.

કોલેજના આચાર્યશ્રી ડૉ. મહેશ મહેતાએ પ્રદીપભાઈ પંડ્યાની વહીવટદક્ષતા અને કાર્યનિષ્ઠાનો પરિચય આપી કાર્યક્રમની ભૂમિકા રચી આપી. પ્રદીપભાઈએ કોલેજમાં કરેલ પ્રસંશનીય કામગીરીનો સાક્ષાત્કાર કરાવ્યો તેમજ તેમના નિરોગી, સુખી અને દીર્ઘાયુ માટે શુભકામનાઓ પાઠવી. કોલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષા શ્રીમતી ડૉ. એચ. જે. શાહે પ્રદીપભાઈના વ્યક્તિત્વ અને એમની કામગીરીને શબ્દો દ્વારા આકૃત કરી આપી હતી, વહીવટી કર્મચારીગણમાંથી કોલેજના જુનિયર કલાર્ક શ્રી હર્ષદભાઈ દરજીએ પ્રદીપભાઈની વહીવટી કુનેહ વિશે અને એમના ઉમદા વ્યક્તિત્વનો પરિચય કરાવ્યો હતો.

અમારી કોલેજના આ પ્રિય કર્મચારીને આ સંસ્થાના પથદર્શક અને પ્રમુખ એવા શ્રી પ્રબોધકાન્ત પંડ્યાસાહેબે આશીર્વચન પાઠવ્યા અને એમના સુખી તથા નિરોગી જીવનની કામના કરી. સંતરામપુર મતવિસ્તારના લોકપ્રિય ધારાસભ્યશ્રી કુબેરભાઈ ડીંડોરે પણ કોલેજ સાથેના ઋણાનુબંધનાં કારણે, પ્રેમને કારણે શ્રી પ્રદીપભાઈ પંડ્યાને વયનિવૃત્તિ નિમિત્તે **શુભેચ્છાઓ** પાઠવી હતી.આ કાર્યક્રમના અધ્યક્ષ એવા અત્રેની કોલેજના પથદર્શક પ્રમુખશ્રી સન્માનનીય પ્રબોધકાંત પંડ્યા સાહેબે પ્રદીપ ભાઈએ કોલેજના સ્થાપના કાળથી પોતાની વહીવટી કાર્યદક્ષતાના પ્રતાપે કોલેજને વહીવટી સદ્ધરતા અપાવવામાં તેમજ કોલેજને દરેક પ્રકારે સહાયરૂપ થવામાં તેમણે ખૂબ જ રસ દાખવ્યો છે. કોલેજની આજની જે સ્થિતિ છે એના પાયામાં અમારા આ કર્મચારી પણ નીવની એક ઈંટ સમાન છે. એમ કહીને પ્રદિપભાઈ ના કાર્યને બીરદાવ્યું હતું .અને એમના નીરોગી અને સુખી જીવન માટે પ્રાર્થના કરીને આશિર્વચનપાઠવ્યા હતા.

કાર્યક્રમનું સુંદર અને સુચારુ સંચાલન કોલેજના અંગ્રેજી વિભાગના અધ્યક્ષ શ્રી ડૉ. પ્રકાશ વેકરિયાએ કર્યું. સમગ્ર કોલેજ પરિવારવતી શ્રી પ્રદીપભાઈ પંડ્યાના સુખી, સંપન્ન, નિરોગી અને દીર્ઘાયુ માટે ભગવાન શ્રી નદીનાથ મહાદેવને હૃદયપૂર્વક પ્રાર્થના કરવામાં આવી હતી.





❖ **27/01/2020 :**

આજરોજ અત્રેની કોલેજના અધ્યાપકશ્રીઓ અને કોલેજમાં અભ્યાસ કરતા સાત વિદ્યાર્થીઓ પાડોશી સંસ્થા આર્ટ્સ કૉલેજ માલવણ ખાતે યોજાયેલ સંસ્કૃત, હિન્દી અને ગુજરાતી વિષયના સેમિનારમાં સહભાગી થયા.




❖ **30/01/2020 :**

આજરોજ અત્રેની મુનપુર આર્ટ્સ કોલેજ ખાતે "શહીદ દિન" અને "મહાત્મા ગાંધી નિર્વાણ દિન"ની ઉજવણી કરવામાં આવી. આ નિમિત્તે કોલેજના અધ્યાપક શ્રી પ્રો. જે. એલ. ખાંટનું વ્યાખ્યાન વિશેષ, દેશભક્તિગાન અને કાવ્યપઠનનું આયોજન થયું છે.

વ્યાખ્યાન વિશેષ :

કોલેજના આચાર્યશ્રી ડૉ. એમ. કે. મહેતાની અધ્યક્ષતામાં કોલેજના ગુજરાતી વિભાગના અધ્યાપકશ્રી પ્રો. જે. એલ. ખાંટે 'આંધ્રપ્રદેશના આદિવાસી ક્રાંતિવીર - રામરાજુ (રાજુ રમ્પા) નું જીવન અને એમની ક્રાંતિની લડત' વિષય પર ખૂબ સુંદર અને રસપ્રદ વ્યાખ્યાન આપ્યું.







દેશભક્તિગાન :

"શહીદ દિન" અને "મહાત્મા ગાંધી નિર્વાણ દિન" નિમિત્તે કોલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકશ્રીઓએ દેશભક્તિ ગીતો રજૂ કર્યા.

દેશભક્તિ ગીત રજૂ કરનાર વિદ્યાર્થીઓ આ પ્રમાણે છે :

1. ખાંટ સુશીલા જે.
2. ચમાર જયેશ
3. ડામોર વિપુલ

કોલેજના હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. સુશીલા વ્યાસે પણ સુમધુર કંઠે દેશભક્તિ ગીત રજૂ કરી વાતાવરણને ભાવભીનું બનાવ્યું.






કાવ્યપઠન :

આ નિમિત્તે કોલેજના કેટલાક ઉત્સાહી વિદ્યાર્થીઓએ કાવ્ય પઠન પણ કર્યું. કાવ્યપઠન કરનાર વિદ્યાર્થીઓ આ પ્રમાણે છે :

1. ડામોર સંજય
2. અમિતા
3. પટેલ મેઘના










આ સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કોલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. એચ. જે. શાહે કર્યું. આ નિમિત્તે ભારતની આઝાદી માટે પોતાના પ્રાણની આહુતિ આપનાર સૌ વીર શહીદોને અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને શ્રીમતી સી. આર. ગાર્ડી આર્ટ્સ કોલેજ મુનપુરના સમગ્ર સ્ટાફ પરિવારવતી અને વિદ્યાર્થીગણ વતી હૃદયભીંની શ્રદ્ધાંજલિ

❖ **02/02/2020 થી 08/02/2020 :**

દરમ્યાન મુનપુર આર્ટ્સ કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા દધાલિયા ગામ ખાતે એન. એસ. એસ.ના વાર્ષિક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પ કુલ 47 સ્વયંસેવકો જોડાયા હતા. આ સ્વયંસેવકોએ કેમ્પમાં સપ્તાહ દરમ્યાન કરેલી ભાતીગળ પ્રવૃત્તિઓની વિગતો નીચે પ્રમાણે છે :

02/02/2020 :

એન.એસ.એસ. કેમ્પનો પહેલો દિવસ :

કેમ્પના નિવાસ સ્થળ દધાલિયા પ્રાથમિક શાળા તરફ પ્રસ્થાન

નિવાસ સ્થળની સફાઈ અને જીવન જરૂરી વ્યવસ્થાની ગોઠવણ

ગામમાં એન.એસ.એસ. કેમ્પની પ્રચાર-પ્રસાર રેલી

સંધ્યાફેરી

ભજન સંધ્યા-રાત્રિ

❖ **03/02/2020 :**

આજરોજ શ્રીમતી સી આર ગાર્ડી આર્ટ્સ કોલેજ, મુનપુરની એન.એસ.એસ. વાર્ષિક શિબિરનો ઉદ્ઘાટન સમારોહ દધાલિયા તા.કડાણા પ્રાથમિક શાળામાં યોજાયો, જેમાં જિલ્લા પંચાયત સદસ્યશ્રી,અશ્વિનસિંહ પુવાર, તાલુકા પંચાયત સદસ્યશ્રી, સરપંચશ્રીના પતિ શ્રી સુખાભાઈ,

પ્રા.શાળાના આચાર્ય લાલાભાઈ ડામોર અને ગ્રામજનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી ડૉ.મહેશ મહેતા સાહેબે ઉપસ્થિત રહી સૌને આવકારી વિદ્યાર્થીઓને એન.એસ.એસ.નું મહત્વ અને આ કેમ્પ દ્વારા સુંદર સમાજના નિર્માણ માટે શિબિરાર્થીઓને **શુભેચ્છાઓ** પાઠવી હતી. આ ઉદઘાટન સમારોહનું સફળ આયોજન પ્રોગ્રામ ઓફિસર પ્રો.જે.એલ.ખાંટ સાહેબ અને ડૉ. પી. જી. પારેખે કર્યું હતું. સાત દિવસની આ શિબિરમાં વિદ્યાર્થીઓએ સ્વચ્છતા,સ્વાસ્થ્ય,શ્રમયજ્ઞ, વ્યસનનાબૂદી,સામાજિક એકતા, અંધશ્રદ્ધા નિવારણ, કૃષિ,અને પશુપાલનને લઈ વિવિધ કાર્યક્રમો કર્યા હતા.






03/02/2020 ના કાર્યક્રમોની સૂચિ

પ્રભાતફેરી

યોગા

ઉદ્ઘાટન સમારોહ

ગ્રામ સફાઈ

સંધ્યાફેરી

ભજન સંધ્યા-રાત્રિ

04/02/2020 : એન.એસ.એસ. કેમ્પનો ત્રીજો દિવસ :

પ્રભાતફેરી

યોગા

ગામનો ડોર ટુ ડોર શૈક્ષણિક, આર્થિક, સામાજિક અને આરોગ્યલક્ષી સર્વે

પ્રાથમિક શાળાના બાળકો સાથે/સમક્ષ અભિનયગીતોની રજૂઆત

અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ (માર્ગદર્શક/કાઉન્સેલર : શ્રી સત્યમ જોશી, અધ્યાપકશ્રી, મનોવિજ્ઞાન વિભાગ, આર્ટ્સ કૉલેજ, માલવણ)

પ્લાસ્ટિકમુક્ત ગામ - પ્લાસ્ટિકમુક્ત ભારત - જનજાગૃતિ રેલી

ગુજરાતી ફિલ્મનિદર્શન - 'ભાથીજી મહારાજ'

05/02/2020 : એન.એસ.એસ. કેમ્પનો ચોથો દિવસ :

પ્રભાતફેરી

યોગા

ગ્રામસફાઈ

મહીસાગર સરિતાવંદના

યોગનિદર્શન/માર્ગદર્શન (સૌજન્ય - માર્ગદર્શક : સુરેશભાઈ ભાવસાર અને વિદ્યાર્થિની કાજલ)

'મહિલા સશક્તિકરણ' વ્યાખ્યાન વિશેષ (વક્તાશ્રી : ડૉ. કામિની દશોરા, અધ્યાપક, સમાજશાસ્ત્ર વિભાગ, આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, સંતરામપુર)

વ્યસનમુક્તિ અંગેની 'પ્રતીકાત્મક નનામી રેલી'

ગરબા કાર્યક્રમ

06/02/2020 : એન.એસ.એસ. કેમ્પનો પાંચમો દિવસ :

પ્રભાતફેરી

યોગા

ગ્રામ સફાઈ

બ્લડ ચેકઅપ (સૌજન્ય : લાયન્સ ક્લબ, લુણાવાડા)

દધાલિયા પ્રાથમિકશાળાના વિદ્યાર્થી ભૂલકાઓને નોટબુક વિતરણ (સૌજન્ય : લાયન્સ ક્લબ, લુણાવાડા)

આદિવાસી લોકનૃત્ય ટીમલી

07/02/2020 : એન.એસ.એસ. કેમ્પનો છઠ્ઠો દિવસ :

પ્રભાતફેરી

યોગા

ગ્રામ સફાઈ

દધાલિયા પ્રાથમિક શાળાના વિદ્યાર્થી ભૂલકાઓ માટેનો રમતોત્સવ

ગ્રામજનો સાથે સમૂહભોજન

રાત્રિ ગરબા

08/02/2020 : એન.એસ.એસ. કેમ્પનો સાતમો દિવસ :

પ્રભાતફેરી

યોગા


સાંસ્કૃતિક કાર્યક્રમ અને સમાપન સમારોહ

ગૃહપ્રસ્થાન









❖ **08/02/2020 અને 09/02/2020 :**

મુનપુર કોલેજના એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ દ્વારા દર વર્ષે કડાણા તાલુકાના પ્રસિધ્ધ યાત્રાધામ નદીનાથ મહાદેવ, ઘોડીયાર ખાતે મહાસુદ પૂનમના દિવસે ભરાતા ભવ્ય પરંપરાગત ભાતીગળ મેળામાં સેવા આપે છે. આ મેળામાં કોલેજના 50 ઉપરાંત વિદ્યાર્થીઓ, પ્રોગ્રામ ઓફીસર શ્રી જે.એલ.ખાંટ બે દિવસ પ્રસાદ પેકીંગ ,દર્શનાર્થીઓની વ્યવસ્થા, પ્રસાદ વિતરણની અભૂતપૂર્વ લોકસેવા કરે છે. આ સમગ્ર મેળાની સફળતા એન.એસ.એસના વિદ્યાર્થીઓને આભારી હોય છે.







❖ **10/02/2020 :**

આજરોજ અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજ ખાતે ગુજરાત સરકાર દ્વારા આગામી 14/02/2020 ના રોજ કઠલાલ ખાતે યોજાનાર "પ્લેસમેન્ટ ફેર - 2019-20" સંદર્ભે આ પ્લેસમેન્ટ ફેરમાં જવા ઇચ્છાનાર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું.

કોલેજના અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ. પ્રકાશ વેકરિયાએ વિદ્યાર્થીઓને "Interview Skills" વિષય પર અને કોલેજના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષા અને ઉદ્દીશા ક્લબના કન્વીનર ડૉ. એમ. એ. સૈયદે Dress Code For Interview" સંદર્ભે ખૂબ સરસ, આવશ્યક અને માહિતીસભર માર્ગદર્શન આપ્યું હતું .







❖ **14/02/2020 :**

આજરોજ અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજ ના 43 વિદ્યાર્થીઓ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા નડિઆદની જે ઍન્ડ જે સાયન્સ કોલેજ ખાતે યોજાયેલ પ્લેસમેન્ટ ફેર 2020 માં ઉપસ્થિત રહ્યા.

આ પ્લેસમેન્ટ ફેરમાં કોલેજના વિદ્યાર્થીઓએ જુદી જુદી કોલેજમાં સ્નાતકના અભ્યાસ પછી નોકરી માટે ઇન્ટરવ્યૂ આપ્યા.

સાથે નડિઆદના પ્રખ્યાત સંતરામ મંદિરના દર્શન કર્યા. ત્યાર બાદ લસુન્દ્રાના ઠંડા-ગરમ પાણીના ઝરાની મુલાકાત પણ લીધી. તથા ફાગવેલ ખાતે આવેલા ભાથીજી મહારાજના દર્શન કર્યા






❖ **23/02/2020 :**

મહીસાગર જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં આવેલી આપણી મુનપુર આર્ટ્સ

કૉલેજ વિદ્યાકીય અને ઇતર પ્રવૃત્તિઓમાં સતત અગ્રેસર રહી છે એના આપ સૌ સાક્ષી છો. મુનપુર આર્ટ્સ કોલેજનું પ્રમુખ ધ્યેય આ વિસ્તારના વિદ્યાર્થીઓનું વિદ્યાતેજ વધારવું તેમજ તેમનો સર્વાંગી વિકાસ - વિસ્તાર સાધવો એ છે. અમારા વિદ્યાર્થીઓ, એ વિદ્યાર્થીઓ જે સમાજમાંથી આવે છે એ સમાજ અને આસપાસના વિસ્તારના હિત માટે આ કોલેજનો શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક સ્ટાફ હંમેશથી ખડેપગ રહ્યો છે અને રહેશે.

વિદ્યાર્થીઓનું વિદ્યાતેજ વધતું રહે અને એમની અભ્યાસરુચિ સતત વિકસતી-વિસ્તરતી રહે એવો યત્ન કરવો એ પ્રત્યેક કોલેજના અધ્યાપકનું પ્રાથમિક કર્તવ્ય છે.

સાંપ્રત સમયને અને આ સમયની માંગને ધ્યાનમાં રાખતા વિદ્યાર્થીઓની આ વિદ્યાક્ષુધાને સંતોષવા માટે અધ્યાપકે પોતે સતત અપડેટ-અપગ્રેડ રહેવું પડે. અધ્યાપકે પોતાની જાતને અપગ્રેડ- અપડેટ કરતા રહેવા માટે પ્રવર્તમાન શૈક્ષણિક અને સાંસ્કૃતિક ચલપહલથી અવગત રહેવું અનિવાર્ય બની રહે છે.

સદનસીબે આ કોલેજને આચાર્ય તરીકે એવી વ્યક્તિ મળી છે જે સતત પોતાના અનુભવોથી અને જાતને અપગ્રેડ-અપડેટ રાખવાની ચંચળ વૃત્તિથી આ પરિવેશના, આ સમાજના, આ વિસ્તારના વિકાસકાર્યો કરવા માટે થનગની રહ્યા છે. હું 2015 માં આ કોલેજમાં જોડાયો અને ત્યારેથી ડૉ. મહેશ કે. મહેતાના પરિચયમાં આવ્યો છું. ત્યારથી તેમના વ્યક્તિત્વના અનેક સદગુણોમાંથી મેં એક એવો સદગુણ જોયો છે જેનું સાતત્ય અખંડ રહ્યું છે, એ છે એમની પ્રવૃતિશીલ મનોવૃત્તિ. તેમનું આવું વ્યક્તિત્વ જ અમારી આ કોલેજના વિકાસની વૃદ્ધિ અને વિસ્તાર માટે પથદર્શક બની રહે છે. તેઓ શિક્ષણજગત અને અહીંના સમાજ સાથે સતત ઓતપ્રોત રહે છે.

શિક્ષણ સાથે તેમના ઓતપ્રોત થયેલા વ્યક્તિત્વ પર પ્રકાશ પાડતા ત્રણ પ્રસંગો તાજેતરમાં જ બન્યા. આ પ્રસંગો દ્વારા તેમની પ્રવૃત્તિઓને જાણીએ :

મહીસાગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને મહીસાગર જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષકસંઘ દ્વારા આયોજિત શૈક્ષણિક સેમિનારમાં "મૂલ્યવર્ધિ શિક્ષણ અને વર્તમાન શિક્ષણનું નવ સંસ્કરણ" વિષય પર વક્તવ્ય આપ્યું.

સમાજમાં શિક્ષણનું મહત્ત્વ અને આજના સમયની માંગ પ્રમાણે શિક્ષણમાં કેવા કેવા બદલાવો લાવવા આવશ્યક છે એ બાબતે તેમણે વ્યાખ્યાન આપ્યું.





- **24/02/2020 :**

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા દ્વારા આયોજિત નેક અવેરનેસ વર્કશોપમાં પ્રતિભાવ આપ્યો.

તેઓ પોતે આ વર્ષે નેકની Peer Team માં સભ્ય તરીકે નિમાયા અને એ અંગેના વર્કશોપમાં સહભાગી થઈ ટ્રેઈન થઈને આવેલ છે. એટલે ભવિષ્યમાં નેકના ગ્રેડેશન માટે આગળ વધવા ઇચ્છતી કોલેજોને એમણે કરેલ આ વર્કશોપ

ચોક્કસપણે ફળદાયી નીવડશે. એમણે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરાના વર્કશોપમાં આપેલ પ્રતિભાવ પણ આ બાબતનો સૂર પૂરાવે છે.

- **26/02/2020 :**

અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજમાં સેમેસ્ટર 04 માં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ, ડામોર હિરેન અરજણભાઈ અને ડામોર દિલીપ લક્ષ્મણભાઈ આગામી તારીખ 02/03/2020 થી 08/03/2020 દરમ્યાન આસામના ગુવાહાટી ખાતે યોજાનાર NIC (National Integration Camp) માટે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરાના વિદ્યાર્થી-પ્રતિનિધિ તરીકે પસંદગી પામ્યા હતા .

એ નિમિત્તે આજે કોલેજમાં એ બંને વિદ્યાર્થીઓ માટે અભિનંદન-શુભેચ્છા કાર્યક્રમ યોજવામાં આવ્યો. કોલેજના આચાર્યશ્રી ડૉ. મહેશ મહેતા તથા એન.એસ.એસ. વિભાગના કૉઓર્ડીનેટર શ્રી જયસિંહ એલ. ખાંટે બંને વિદ્યાર્થીઓને આશીર્વાદરૂપી પુષ્પગુચ્છ અને વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી આરોગ્યપ્રદ અને પૌષ્ટિક નાસ્તા સાથે અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ બંને વિદ્યાર્થીઓ આજે 26/02/2020 ના રોજ સાંજે ગોધરાથી ગુવાહાટી જવા રવાના થયા હતા.

હિરેન અને દિલીપને સમગ્ર કૉલેજ પરિવારવતીથી હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ આપવામાં આવી હતી.




- **26/02/2020 :**

અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજમાં સેમેસ્ટર 04 માં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ, ડામોર હિરેન અરજણભાઈ અને ડામોર દિલીપ લક્ષ્મણભાઈ આગામી તારીખ 02/03/2020 થી 08/03/2020 દરમ્યાન આસામના ગુવાહાટી ખાતે યોજાનાર NIC (National Integration Camp) માટે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરાના વિદ્યાર્થી-પ્રતિનિધિ તરીકે પ્રસ્થાન કરી રહ્યા છે તે ધન્ય ક્ષણ




- **26/02/2020 :**

શ્રી યુ. એચ. ભટ્ટ મેમોરીયલ હાઈસ્કૂલ મુનપુરના ધોરણ 10 અને 12 ના વિદ્યાર્થીઓના શુભેચ્છા સમારોહમાં વિદ્યાર્થીઓને પરીક્ષાના ભયમાંથી મુક્તિ અને જીવનમાં સફળતા કઈ રીતે મેળવવી એ વિષય પર અનુભવસભર વાતો કરી. 10-12 ની પરીક્ષામાં નાપાસ થવાના ભયથી અથવા તો ઓછા ટકા આવવાથી ઘણાં વિધાર્થી હતાશાના માર્યા ખોટા પગલાં ભરી લે છે આ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ માટે કાઉન્સેલરની અદાથી સરસ માર્ગદર્શન પૂરૂં પાડ્યું. આ ત્રણે પ્રસંગોને જીવંત કરતી એમની કેટલીક તસવીરો જોઈએ.





❖ **28/02/2020:**

આજે આ કોલેજે એક નવતર પ્રયોગ અમલમાં મુક્યો છે. હવેથી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કોલેજ વિશેનો પોતાનો અમૂલ્ય અભિપ્રાય ઓનલાઈન આપી શકશે. અત્યાર સુધી કોલેજ વિદ્યાર્થીઓના ફીડબેક કાગળ દ્વારા હાર્ડકોપીમાં લેતી હતી. પણ હવે આ પ્રક્રિયા ઓનલાઈન કરાઈ છે. ફીડબેક/અભિપ્રાય ઓનલાઈન લેવાના ઘણાં ફાયદા છે :

વિદ્યાર્થીઓ કમ્પ્યુટર, ઈન્ટરનેટ અને ટેક્નોલોજીનો આ રીતે સદ્ઉપયોગ કરતા થાય.

ગુજરાત સરકાર કરોડો રૂપિયા ખર્ચી 1000 રૂપિયાના ટોકનદરે વિદ્યાર્થીઓને ટેબલેટ આપે છે એનો ખરેખર કોલેજ અને શિક્ષણના Improvement માટે ઉપયોગ થશે.

કોલેજને અવારનવાર વિદ્યાર્થીઓના ફીડબેકની આવશ્યકતા હોવાથી ફીડબેક આપવા વિધાર્થીઓ સ્પેશિયલ કોલેજ આવવું પડતું અને હવે તેઓ ઘર બેઠા કોલેજ વિશે પોતાનો અભિપ્રાય આપી શકશે.

ઓનલાઈન ફીડબેક/અભિપ્રાય લેવાથી કાગળનો બાગાડ અટકે અને એ રીતે પર્યાવરણનું રક્ષણ થાય.

ઓનલાઈન અભિપ્રાય આપવાનો હોવાથી વિદ્યાર્થી પોતાના અભિપ્રાય બાબતે વધુ સ્વતંત્ર રહી શકે છે અને નિર્ભયપણે પોતાનો અભિપ્રાય આપી શકે.

એટલું જ નહીં, અમારા આ નવતર પ્રયોગને કોલેજના વિદ્યાર્થીઓએ પણ આવકાર્યો છે. માત્ર 4 કલાકના સમયગાળામાં 150 થી પણ વધુ વિદ્યાર્થીઓના અભિપ્રાયો પ્રાપ્ત થયા છે એનો આનંદ....

❖ **09/03/2020 :**

આજરોજ અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજ ખાતે કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ સાથે એક મીટિંગ યોજવામાં આવી. હોળીનો તહેવાર હોવા છતાં વાલીઓ અમારા નિમંત્રણને માન આપી પધાર્યા એ બદલ એમના ઋણી રહીશું.

કૉલેજના આચાર્ય ડૉ. મહેશ મહેતાએ સૌ વાલીઓને સંબોધ્યા અને કોલેજની કાર્યશૈલી, કોલેજની શિક્ષણપદ્ધતિ, કોલેજમાં યોજાતી શિક્ષણ સિવાયની વિવિધ પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો. ત્યારબાદ વાલીઓએ સ્વૈચ્છિક રીતે કોલેજ વિશે પોતાના પ્રતિભાવો આપ્યા. ભગિની સંસ્થા શ્રી યુ. એચ. ભટ્ટ મેમોરીયલ હાઈસ્કૂલના આચાર્ય શશિકાન્ત પ્રજાપતિસાહેબે પણ કૉલેજ વિશે પોતાના અભિપ્રાયો આપ્યા. વાલીઓના ફીડબેક અને સજેશન લેવામાં આવ્યાં. કૉલેજ અને કૉલેજપરિવારનો પ્રયાસ કૉલેજને વધુમાં વધુ ગુણવત્તાયુક્ત અને વિદ્યાર્થી હિતવર્ધક બનાવી એ જ છે, એ જ રહેશે.






❖ **09/03/2020 :**

આજરોજ અત્રેની મુનપુર આર્ટ્સ કૉલેજ ખાતે બીજો એક કાર્યક્રમ પણ યોજાયો. "વિશ્વ મહિલા દિન" (08 માર્ચ) નિમિત્તે કોલેજના વિદ્યાર્થીઓ (ખાસ કરીને વિદ્યાર્થીનીઓ) માટે "Women Empowerment" વિષય પર ત્રણ વ્યાખ્યાનો યોજાયા.

વક્તા 1 : ડૉ. કૃપા જયસ્વાલ (અધ્યાપક, લૉ કૉલેજ, ગોધરા) : વિષય - "સ્ત્રી અને કાયદો"

વક્તા 2 : ડૉ. ધીરેન સુતરિયા (EC Member, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા) : વિષય - "સ્ત્રી, શિક્ષણ અને આરોગ્ય"

વક્તા 3 : ડૉ. સુશીલા વ્યાસ (અધ્યાપક, શ્રીમતી સી. આર. ગાર્ડી આર્ટ્સ કોલેજ, મુનપુર) : વિષય : "સમસામાયિક નારીજીવન - દશા અને દિશા"

આરંભે કોલેજના આચાર્યશ્રી ડૉ. એમ. કે. મહેતાએ કાર્યક્રમને અનુરૂપ ભૂમિકા રચી આપી તથા સૌ વક્તાશ્રીઓને આવકાર્યા.

ત્યારબાદ સૌ વક્તાશ્રીઓએ પોતપોતાના વિષય પર પોતપોતાની આગવી શૈલીમાં સુંદર વ્યાખ્યાન આપ્યા. કાર્યક્રમનું સુચારુ સંચાલન ડૉ. સુશીલા વ્યાસે કર્યું. સૌને "વિશ્વ મહિલા દિન"ની હાર્દિક શુભકામનાઓ







❖ **09/03/2020 :**

વિદ્યાર્થીઓ સાથે રંગોત્સવ

હોળીની સૌને હાર્દિક શુભકામનાઓ

આજે હોળી. કોલેજના આચાર્યશ્રી ડૉ. એમ. કે. મેહતાએ વિદ્યાર્થીઓ સાથે હોળી રમવાનો વિચાર વ્યક્ત કર્યો. સૌને એ ગમ્યો. કોલેજના વિદ્યાર્થીઓ સાથે હોળી રમવાની મજા જ અલગ હોય. શરૂઆતમાં તો માત્ર પ્રતીકાત્મક તિલકથી જ એકબીજાને હોળીની શુભેચ્છાઓ પાઠવાઈ. પણ પછી વિદ્યાર્થીઓ રંગમાં આવ્યાં અને પછી તમે જ જોઈ લો....





# કોલેજની વિવિધ સમિતિઓ :

- **IQAC :**

૧. પ્રિ. ડો. એમ. કે. મહેતા - ચેરપર્સનશ્રી
૨. પ્રા.શ્રી પી. વી. વેકરિયા-કન્વીનરશ્રી
૩. પ્રા. ડો. શ્રીમતી એમ. એ. સૈયદ
૪. પ્રા. ડો. શ્રીમતી એસ. એસ. વ્યાસ
૫. પ્રા. ડો. શ્રીમતી એચ. જે. શાહ
૬. પ્રા. શ્રી એન. એન. પટેલ
૭. પ્રા. ડો. શ્રી આર. આર. બાંભણિયા
૮. શ્રી બી. ડી. પટેલ – સિનિયર કલાર્ક

- બાહ્ય શિક્ષણવિદ્ -

૯. પ્રા. શ્રી દીપકભાઈ ટી. રાવલ
૧૦. પ્રા. શ્રી નિકુંજ જે. દવે

❖ **સપ્તધારા સમિતિના કન્વીનરશ્રીઓ :**

૧. પ્રિ. ડો. એમ. કે. મહેતા – અધ્યક્ષ સપ્તધારા
૨. પ્રા. ડો. શ્રી એન. એન. પટેલ
૩. પ્રા. ડો. શ્રીમતી એમ. એ. સૈયદ
૪. પ્રા. ડો. શ્રીમતી એસ. એસ. વ્યાસ
૫. પ્રા. ડો. શ્રીમતી એચ. જે. શાહ
૬. પ્રા. શ્રી જે. એલ. ખાંટ
૭. પ્રા. ડો. શ્રી પી. વી. વેકરિયા
૮. પ્રા. શ્રીમતી એન. જે. જોશી

- **જ્ઞાનધારા સમિતિ :**

૧. પ્રા. ડો. શ્રીમતી એચ. જે. શાહ
૨. પ્રા. ડો. શ્રીમતી એસ. એસ. વ્યાસ
૩. પ્રા. શ્રી જે. એલ. ખાંટ
૪. પ્રા. શ્રી પી. જી. પારેખ

- **સર્જનાત્મક અભિવ્યક્તિધારા સમિતિ :**

૧. પ્રા. શ્રીમતી એન. જે. જોશી
૨. પ્રા. ડો. શ્રીમતી એમ. એ. સૈયદ
૩. પ્રા. ડો. શ્રી એન. એન. પટેલ
૪. પ્રા. શ્રીમતી એલ. ટી. વસાવા

- **કલા-કૌશલ્યધારા સમિતિ :**

૧. પ્રા. ડો. શ્રીમતી એમ. એ. સૈયદ
૨. પ્રા શ્રીમતી એલ. ટી. વસાવા
૩. પ્રા. શ્રીમતી એન. જે. જોશી
૪. પ્રા. ડો. શ્રીમતી એચ. જે. શાહ

- **નાટ્યધારા સમિતિ :**

૧. પ્રા. ડો. શ્રીમતી એસ. એસ. વ્યાસ
૨. પ્રા. ડો. શ્રી પી. વી. વેકરિયા
૩. પ્રા. ડો. શ્રીમતી એમ. એ. સૈયદ
૪. પ્રા. શ્રી આર. આર. બાંભણિયા

- **ગીત, સંગીત અને નૃત્યધારા સમિતિ :**

૧. પ્રા. ડો. શ્રી પી. વી. વેકરિયા
૨. પ્રા. ડો. શ્રી એચ. જે. શાહ
૩. પ્રા. ડો. શ્રીમતી એસ. એસ. વ્યાસ
૪. પ્રા. શ્રીમતી એલ. ટી. વસાવા

- **વ્યાયામ, યોગ અને ખેલકૂદધારા સમિતિ:**

૧. પ્રા. ડો. શ્રી એન. એન. પટેલ
૨. પ્રા. ડો. શ્રીમતી એચ. જે. શાહ
૩. પ્રા. ડો. શ્રીમતી એમ. એ. સૈયદ
૪. પ્રા. શ્રી પી. જી. પારેખ

- **સામુદાયિક સેવાધારા સમિતિ :**

૧. પ્રા. શ્રી જે. એલ. ખાંટ
૨. પ્રા. ડો. જી. પી. ઠાકોર
૩. પ્રા. ડો. શ્રીમતી એસ. એસ. વ્યાસ
૪. પ્રા. શ્રી આર. આર. બાંભણિયા

- **પ્રવેશ સમિતિ : સેમેસ્ટર – ૦૧**

૧. પ્રા. શ્રી જે. એલ. ખાંટ
૨. પ્રા. ડો. શ્રી જી. પી. ઠાકોર
૩. પ્રા. ડો. શ્રી પી. જી. પારેખ
૪. પ્રા. ડો. શ્રીમતી એચ. જે. શાહ

- **<u>પ્રવેશ સમિતિ : સેમેસ્ટર - ૦૩</u>**

૧. પ્રા. ડો. શ્રીમતી એમ. એ. સૈયદ
૨. પ્રા. ડો. શ્રીમતી એસ. એસ. વ્યાસ
૩. પ્રા. શ્રી આર. આર. બાંભણિયા
૪. પ્રા. શ્રીમતી એલ. ટી. વસાવા

- **<u>પ્રવેશ સમિતિ : સેમેસ્ટર – ૦૫</u>**

૧. પ્રા. ડો. શ્રી પી. વી. વેકરિયા
૨. પ્રા. શ્રીમતી એન. જે. જોશી
૩. પ્રા. ડો. શ્રી એન. એન. પટેલ
૪. પ્રા. શ્રી પી. જી. પારેખ

- **<u>વિદ્યાર્થી યુનિયન સમિતિ :</u>**

૧. પ્રા. ડો. શ્રી એન. એન. પટેલ
૨. પ્રા. ડો. શ્રી પી. વી. વેકરિયા
૩. પ્રા. ડો. શ્રીમતી એચ. જે. શાહ
૪. પ્રા. શ્રી પી. જી. પારેખ

- **<u>લાયબ્રેરી સમિતિ :</u>**

૧. પ્રા.ડો.શ્રીમતી એસ.એસ.વ્યાસ - Incharge
૨. પ્રા. ડો. શ્રીમતી એમ. એ. સૈયદ
૩. પ્રા. આર.આર.બાંભણિયા-Co-Incharge

- **<u>ટાઈમ ટેબલ સમિતિ :</u>**

૧. પ્રા. શ્રી જે. એલ. ખાંટ
૨. પ્રા. શ્રી આર. આર. બાંભણિયા

- **<u>CWDC :</u>**

૧. પ્રિ. ડો. એમ. કે. મહેતા - ચેરમેનશ્રી
૨. પ્રા. ડો. શ્રીમતી એસ. એસ. વ્યાસ - કન્વીનરશ્રી
૩. પ્રા. ડો. શ્રીમતી એમ. એ. સૈયદ
૪. શ્રી બી. ડી. પટેલ – સિનિયર ક્લાર્ક
૫. ડામોર સંજય અભેસિંગ : સેમ. – ૬
૬. ડામોર દલસુખ : સેમ. – ૬

- **<u>UDISHA CLUB :</u>**

**૧.** પ્રિ. ડો. એમ. કે. મહેતા
**૨.** પ્રા.ડો.શ્રીમતી એમ. એ. સૈયદ - કન્વીનરશ્રી
**૩.** પ્રા. શ્રી જે. એલ. ખાંટ
૪. શેલત હેતલ : સેમ - 5
૫. પટેલ પ્રિયંકા : સેમ - 5

- **<u>એન્ટી રેગિંગ સમિતિ :</u>**

૧. પ્રા. ડો. શ્રી પી. વી. વેકરિયા
૨. પ્રા. ડો. શ્રીમતી એસ. એસ. વ્યાસ
૩. પ્રા. ડો. શ્રી એન. એન. પટેલ

- **<u>સંધાન સમિતિ :</u>**

૧. પ્રા. ડો. આર. આર. બાંભણિયા
૨. પ્રા. શ્રી પી. જી. પારેખ